

# અધ્યાત્મ

વર્ષ : ૧૫

અંક : ૧૨

સપ્ટેમ્બર–૧૯૯૪

## * અહંકારથી મુક્ત થાઓ *

આધ્યાત્મિક પંથના પ્રવાસીએ કે જીવનના પૂર્ણ વિકાસના ચાહકે અહંકારથી મુક્ત થવું જ રહ્યું. તેને માટે તો અહંકાર વિષ બરાબર થઇ પડશે. તે સાધના કરી લે કે સાધનાને માર્ગે નક્કર વિકાસ કરે તોપણ તેણે નમ્ર જ બની રહેવું જોઇએ ને કોઇપણ કારણથી અહંકારનો આશ્રય ન લેવો જોઇએ. આધ્યાત્મિક વિકાસની આ જ વિશેષતા છે. આધ્યાત્મિક માર્ગમાં માણસ જેમ જેમ વિકાસ કરે તેમ તેમ નમ્રતા ધારણ કરે છે. કોઇ માણસ આત્મિક વિકાસની દિશામાં આગળ વધ્યો છે ને મહાન છે કે કેમ તે તેનામાં રહેલી નમ્રતા પરથી નક્કી કરી શકાય છે. મહાન ધર્મોના સ્થાપક, ઉપદેશક ને પૂજાપાત્ર સંતો ખૂબ જ નમ્ર હતા. જીવનનો પૂર્ણ વિકાસ જેણે કરી લીધો તેને ભારતીય સંતો બાલક સાથે સરખાવે છે ને બાલવત્ ગણે છે. બાલકની જેમ તેનાં કર્મો શેષ નથી, તેમ જ તેનો વિકાસ ગૂઢ નથી, જ્ઞાનના અગ્નિથી તેણે કર્મોને બાળી નાંખ્યાં છે ને વિકાસની ઉચ્ચ અવસ્થાની અનુભૂતિ કરી છે. પણ પવિત્રતા, નિર્દોષતા ને બાહ્ય ચેષ્ટાની દૃષ્ટિએ તે અનુભવવૃદ્ધ બાલક જેવો હોય છે. વૃક્ષ પર ફળ આવતાં તે નીચું નમે છે તેમ મહત્તા મેળવીને માણસે નમ્રતા ધારણ કરવી જોઇએ.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦
વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫જ સી, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| પરમયોગી ભગવાન શંકર | યોગેશ્વરજી | ૧૦ |
| અમૃતપળોનો આસ્વાદ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૨૧ |
| રે ! આજ બધું યે | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૪ |
| પ્રભુથી કરવી પ્રીત | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૩૫ |
| ઈશ્વર સત્યમય છે | યોગેશ્વરજી | ૩૬ |
| પૂ. મા સાથેની પ્રશ્નોત્તરી | એક જીજ્ઞાસુ શ્રેયાર્થી | ૪૦ |
| સુખ શાંતિના ઉપાય | શંકર મહારાજ | ૪૭ |
| સાચા સંતો ખરે જ પ્રભુની જેમ અગ્રાહ્ય અને અકલ્પ્ય છે | નારાયણ હ. જાની | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૫ સપ્ટેમ્બર–૧૯૯૪ અંક : ૧૨

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૫–૪–૮૧, રવિવાર, ચૈત્ર સુદ પડવો,**
**૨૦૩૭, સ્થળ : વડોદરા.**

પૂ. શ્રી સમયસર ઉઠી જાય છે. સ્નાન, બ્રશ વિગેરેથી નિવૃત્ત થઈને લગભગ ૪૫ મિનિટ વ્યાયામ પાછળ નિયમ મુજબ ગાળે છે. ત્યારબાદ માથામાં તેલ નાંખે છે. (વરસોથી અમદાવાદના પૂ. શ્રીનાં ભાવિક ભક્ત બેન શ્રીકુસુમબેન પૂ. શ્રી માટે માથાનું તેલ તૈયાર કરીને આપે છે. તે નાનકડી શીશીમાં પૂ. શ્રી ગમે ત્યાં જાય ત્યાં પણ સાથે જ રાખે છે.) ત્યારબાદ ૩૦ માળા કરે છે.

દરરોજ મધરાત પછી ૧ થી ૨ ના ગાળામાં પૂ. શ્રી ઉઠી જાય છે. સર્વેશ્વરીને પણ ઉઠાડે છે. જપ શરૂ કરે છે. થોડા જપ બહાર વરંડામાં આંટા મારતા કરે છે. પછી વળી પલંગ પર

બેસીને જપ કરે છે. ૭૦ માળા રોજ રાત્રે જ પૂરી કરી લે છે ને સવારે ૩૦ માળા જપ કરે છે.

માળા કર્યા બાદ બરાબર આઠ વાગ્યે રૂમની બહાર એક ડીશમાં બે ચમચી, બે પ્યાલા ને દૂધની તપેલી મૂકી હોય છે તે સર્વેશ્વરી લઈ લે છે. પૂ. શ્રી મકરધ્વજવટી અને જીવન લે છે. પછી આજકાલ દૂધમાં પ્રોટીનેક્ષ નાંખીને પીએ છે. દૂધ પીધા બાદ દરરોજની જેમ તરત જ કોગળા કરી મોં સાફ કરે છે.

મોં સાફ કરી અંદરના રૂમમાં જ નીચે એક જાડો ચોરસો પાથરી પૂ. શ્રી લેખન માટે બેસી જાય છે. પગ ઉપર પલાંઠી વાળી પૂ. શ્રીની કલમ ચાલુ થાય છે. ત્યારે સર્વેશ્વરી બહાર વરંડામાં જે હીંચકો છે ત્યાં બેસીને અત્યાર સુધીની રોજનિશિની નોંધ લખે છે.

પૂ. શ્રી પોતાનું લેખનકાર્ય સાડા દસ સુધી ચાલુ રાખે છે. પછી પૂ. શ્રી દાઢી વિગેરે કરે છે. ત્યારબાદ તૈયાર થાય છે. તૈયાર થવું એટલે કે લૂંગી જેવું સફેદ કપડું પૂ. શ્રી વીંટે છે, તે કાઢીને ધોતિયું પહેરે છે. વળી ગરમીના દિવસોમાં સવારે બંડી નથી પહેરતા, પરંતુ મુલાકાત સમયે તે પહેરી લે છે.

વળી ઉપર ખાદીનો સફેદ લાંબો ટુકડો ઓઢે છે. સાડા અગિયારે પૂ. શ્રી બેલથી સૂચના આપવાનું કહે છે. પેપરમાં જાહેરાત આવી હોવાથી આજે સવારે પણ મુલાકાતીઓ આવે છે.

પૂ. શ્રી ધ્યાનકેન્દ્રની વાતો કરે છે. વળી સુરતનાં પ્રવચનોની વાતો પણ થાય છે. ત્યાં તો કપૂરાથી પણ બે બેનો પૂ. શ્રીના દર્શને આવે છે. કપૂરાના ધ્યાનકેન્દ્રના સમયની વાતો પૂ. શ્રી કરે છે.



થોડી બીજી વાતો થયા બાદ સૌ વિદાય થાય છે. પૂ. શ્રીએ કપૂરાવાળાં બહેનોને સર્વેશ્વરી ભોજનબાદ ફરી મળશે એમ કહ્યું.

આજે ભોજનમાં ચણા, ભાત, દૂધ વિગેરે પૂ. શ્રી લે છે. ભોજનબાદ પેપર વાંચી આરામ. તે દરમ્યાન સર્વેશ્વરી બેનો સાથે વાત કરે છે. બેનોને વિદાય કરી સર્વેશ્વરી રૂમમાં આવે છે. પૂ. શ્રી સાથે વાતો થાય છે. જેમાં સર્વેશ્વરી પોતાના ગામની પાસે થયેલી લૂંટફાટની તેમ જ માર પડ્યાની વાતો કરે છે.

પૂ. શ્રી એના અનુસંધાનમાં કહે છે : "આપણે તો કોઈને સોય શરીરે લગાડે તે પણ દુઃખદ લાગે તો આ પૃથ્વી પર આવા રાક્ષસ જેવા લોકો વસે છે. લૂંટફાટ તો કરે, પણ માર શા માટે મારતા હશે?"

આપણે પેલા મૂળી ગામ ગયેલા ને ત્યાં હોલની પટ્ટી કાપવા (ઉદ્‌ઘાટન માટે) મને કાતર આપવામાં આવી. મેં શ્રી અનોપચંદભાઈને કહ્યું : "મને કોઈને કાપવાનું–જુદા પાડવાનું ગમતું જ નથી. ભેગા કરવાનું જ ગમે છે. માટે તમે જ એ પટ્ટી કાપો. એમ કહી મેં તેમને કાતર આપી. એટલે પછી તે ભાઈએ જ પટ્ટી કાપી. આ વાતની તમને ખબર નથી?"

સર્વેશ્વરી કહે, "ના, અમે પાછળ વાતોમાં હતાં. મેં શ્રી અનોપચંદભાઈએ પટ્ટી કાપી તે જોયું હતું." આ વાત સાંભળી મનમાં વિચાર થયો કે ઉદ્‌ઘાટન જેવી ક્રિયામાં પટ્ટી ઉપર કાતર ચલાવવી પણ જે મહાપુરુષને ન ગમે, તે મહાપુરુષનું હૃદય કેટલું બધું સંવેદનશીલ હશે!

થોડા આરામબાદ પૂ. શ્રી તરબૂચના ટુકડા લે છે. વળી લેખનકાર્ય કરવા નીચે સવારની જગ્યાએ બેસી જાય છે. છેક છ વાગ્યા સુધી પૂ. શ્રી લેખનકાર્ય કરે છે.

છ વાગ્યા એટલે પૂ. શ્રી આજે સુરતથી આવેલા ભાઇ શ્રી ગોરધનભાઇ પ્રજાપતિને થોડીવાર માટે બોલાવે છે. તેમને કોઇ મુશ્કેલી તો નથી ને? એમ પૂછે છે. તે ભાઇ પોતાની વાતો કરે છે. એમને ખાસ કોઇ મુશ્કેલી નથી.

સવા છ વાગ્યા. સમય થયો એટલે પૂ. શ્રી બહારના રૂમમાં જે પલંગ પૂ. શ્રી માટે છે ત્યાં આવીને બેસે છે. પૂ. શ્રીની ડાબી બાજુ નીચે સર્વેશ્વરીનું આસન છે, ત્યાં તે પણ બેસે છે. સૌ ભક્તો આવે છે. પ્રણામ કરીને બેઠક લે છે. આજે ગીતાનો ત્રીજો અધ્યાય વાંચવાનું પૂ. શ્રી સૂચન કરે છે, જેથી સૌ તેનો પાઠ કરે છે, કુંદનબેન ભજન ગવડાવે છે. કલ્પુ પણ ભજન ગાય છે. પછી પૂ. શ્રી સર્વેશ્વરીને ડાયરીનું એક પાનું વાંચવાની આજ્ઞા કરે છે, જેથી સર્વેશ્વરી અમદાવાદની નોંધનું નોંધપોથીનું એક પાનું વાંચી સંભળાવે છે.

આજે આ આખોયે ખંડ ભરાઇ ગયો છે. ભાઇબેનો ખૂબ શાંતિથી બેઠાં છે. પૂ. શ્રીએ કહ્યું : "આ નોંધપોથી ભવિષ્યમાં ખૂબ ઉપયોગી નીવડશે. મહિનાઓથી દરરોજ આ રીતે લખે છે."

હવે કોઇને પ્રશ્ન પૂછવા હોય તો પૂછો. શ્રી વિનુભાઇ પ્રશ્ન પૂછે છે :

**પ્રશ્ન :** નવરાત્રિ કયી સારી, ચૈત્રની કે આસોની?

**પૂ. શ્રી :** દેવીએ અસુરોના નાશ માટે જે નવ દિવસ જંગ ખેલ્યો તે નવરાત્રિ મુખ્યત્વે આસો માસની છે. તેની વાત ચંડીપાઠમાં આવે છે. દેવીએ ચંડ, મુંડ, શુંભ, નિશુંભ, રક્તબીજ, મહિષાસુર વિગેરે અસુરોનો નાશ કર્યા પછી દશમે દિવસે ઉત્સવ થયો જેમાં દેવીની સ્તુતિ થઇ. પણ બધાં બંને નવરાત્રિ કરે તો



આપણને શું વાંધો? અરે, ફાગણ, કારતક, માગશર બધી જ નવરાત્રિ મનાવે તો આપણને શું?

**કુંદનબેન :** મંત્રજપના અનુષ્ઠાન માટે આસોની નવરાત્રિ જ શ્રેષ્ઠ ગણાય ને? અધિક માસનું અધિક ફળ એવું ખરું?

**પૂ. શ્રી :** શુભ કાર્ય માટે રાહ ન જુઓ. અનુષ્ઠાન ગમે ત્યારે કરી શકાય. નવરાત્રિમાં જેમ અનુષ્ઠાન કરો તો સારું એમ માનો, તેમ નવરાત્રિ દરમ્યાન આહાર વિહારના નિયમ રાખો. તો તે નિયમ રોજ જ પાળોને. નવરાત્રિ દરમ્યાન વહેલા ઉઠો, તો દરરોજ જ વહેલા ઉઠોને! પ્રેમ ને શ્રદ્ધાથી જપ કરો, તે તો બધા જ દિવસોમાં કરોને.

જે નથી કરતાં તેમને માટે કહ્યું કે, નવરાત્રિ તો કરો જ. અધિકમાં તો કરો જ. પણ આપણે માનીએ કે આખો જનમ જ અધિક છે. તો સત્કર્મ દરરોજ જ કરો! પછી તે દિવાળી હોય નવરાત્રિ હોય કે હોળી હોય. સત્કર્મ માટે અધિકની, નવરાત્રિની રાહ ન જુઓ.

**પ્રશ્ન :** અનુષ્ઠાનમાં ગાયત્રી જપ જ કરી શકાય?

**પૂ. શ્રી :** ના, એવું પણ નથી. કોઇપણ જપ કરી શકાય. તમારામાં જે દૃષ્ટિ હોય તેનો મંત્ર જપી શકાય.

**એક ભાઇ :** સ્વપ્નમાં સંત કે ઈશ્વરનાં દર્શન થાય, અથવા કોઇ મંદિરે જઇએ તો ત્યાં ખૂબ ખૂબ રડવું આવી જાય તો શું કરવું?

**પૂ. શ્રી :** સંતોનાં, તીર્થોનાં, મંદિરોનાં ઈશ્વરનાં દર્શન સ્વપ્નમાં થાય તો તે તો સારું. સંસારીઓનાં, સાપનાં, ચોરનાં, વીંછી ને કાનખજૂરાનાં સ્વપ્નો આવે એના કરતાં તે સારું જ

ગણાય. અને તમને પ્રસન્નતા થાય તો પણ હર્ષનાં આંસુ આવે અથવા વિરહનાં આંસુ પણ આવે. બાળક ઘણે વખતે માતાને મળે તો બાળકને રડવું આવે તો તે ભાવ કહેવાય.

ભક્તિમાર્ગમાં વલ્લભાચાર્યે આઠ મહાભાવો કહ્યા છે, તેમાં આનંદાશ્રુ પણ આવે, વિરહાશ્રુ પણ આવે. સંસારીઓને જોઇને રડવું આવે એનાં કરતાં સંતો કે તીર્થોને જોઇ રડવું આવે તો તે સારું જ છે.

**એક બેન :** 'રામ હમારા જપ કરે, હમ બૈઠે આરામ કરે'—એ દોહો ક્યારે ગવાય.

**પૂ. શ્રી :** પ્રથમ તમારે રામના જપ કરવા જ પડે. પ્રથમ જપ કરવા લગની લગાડવી પડે.

એક છોકરી હતી તે સતત એક છોકરાના વિચારમાં જ ડુબેલી રહેતી. પણ તે છોકરો તેની સામે જોતો પણ નહીં. છોકરીએ મનમાં જ નિર્ણય કરેલો એ છોકરા સાથે જ લગ્ન કરું. તો વરસો પછી છોકરીની નિષ્ઠા સાચી હતી તો છોકરો એ છોકરીને શોધતો એ છોકરીની પાછળ આવ્યો. પણ વર્ષો પછી એવું થયું.

તેમ જ પ્રભુનું સ્મરણ ભાવપ્રેમથી પ્રથમ તો આપણે કરવું જ પડશે. પછી લાંબે વખતે પ્રભુને આપણને મળવાની ઇચ્છા થશે. આપણને આવીને મળશે, ત્યારે એ દોહો ગાઇ શકીએ.

**પ્રશ્ન :** મહાદેવની પૂજા સ્ત્રીઓ ન કરી શકે ?

**પૂ. શ્રી :** કેમ ન કરી શકે ? પાર્વતીએ જ કરી હતી. શાસ્ત્રોમાં એવું નથી. પાછળથી એ બધું આવ્યું. એની પાછળ તેઓ સ્ત્રીઓને દરેક કામમાંથી બાકાત જ રાખવા માંગતા હતા. તેઓ માનતા કે સ્ત્રીઓ તો ત્રણ જ ખાતાં સંભાળે (૧) વેલણ ખાતું. (૨) ધોકા



ખાતું અને (૩) ઘોડિયા ખાતું.

પણ ના, વેદોમાં એવી સ્ત્રીઓ હતી—તેજસ્વી ઋષિસ્ત્રીઓ મંડનમિત્રની પત્ની ભારતી, ગાર્ગી, મૈત્રીયી વિગેરે તેજસ્વી સ્ત્રીઓ હતી. તો એવી સ્ત્રીઓ છે. તેમને તમે કહો કે તમે મહાદેવની પૂજા ન કરી શકો, તમે હનુમાનની પ્રદક્ષિણા ન ફરી શકો, તો એવું કાંઇ ચાલે !

"સૌ કોઇ પૂજા કરી શકે."

પ્રશ્નોત્તરીમાં શ્રોતાઓ તરબોળ હતા અને ઘડિયાળે પણ ૭:૪૫ નો સમય બતાવ્યો. તેથી પૂ. શ્રી પૂછે છે સ્તુતિ કરશો? વિજયભાઇ કહે : ધૂન બોલવી છે. પૂ. શ્રી કહે, તો પછી ધૂન બોલો. જેથી વિજયભાઇ સાથે સૌ કોઇ રામકૃષ્ણદેવની સ્તુતિ બોલે છે. પછી ધૂન ને શાંતિપાઠ પણ વિજયભાઇ જ કરાવે છે. સૌ પ્રસાદ લઇ છૂટા પડે છે.

પૂ. શ્રી પોતાના રૂમમાં જાય છે. ત્યાં કલ્પુ પૂ. શ્રીની પથારી વ્યવસ્થિત કરે છે. ચાદરો બદલે છે વિગેરે. પૂ. શ્રી ખીચડી ને દૂધનું ભોજન લે છે. પૂ. શ્રી ત્યારબાદ પલંગ પર બેઠા છે. કલ્પુ વિદાયના પ્રણામ કરે છે.

**પૂ. શ્રી :** રોજ સાંજે પ્રાર્થના કરીને સૂઇ જાઓ.

**સર્વેશ્વરી :** કયી પ્રાર્થના રોજ કરવી?

**પૂ. શ્રી :** રોજ કોઇ ભજન ગાઓ. અથવા પ્રભુને કહો હે પ્રભુ ! મારું જીવન શાંતિમય કરજે. મારું જીવન સારું કરજે, મને સદ્‌બુદ્ધિ આપજો.

કલ્પુ ખૂબ શાંતિથી પૂ. શ્રીની વાત સાંભળી વિદાય થાય છે. પૂ. શ્રી આરામ કરે છે. હરિઃ ૐ (ક્રમશઃ)

# પરમયોગી ભગવાન શંકર

યોગેશ્વરજી

[શ્રાવણ માસમાં ઘણા બધા માણસો ભગવાન શંકરની પૂજા ખૂબ પ્રેમભાવ ને શ્રદ્ધાથી કરતા હોય છે. તેથી ભગવાન શંકરને સાચા અર્થમાં સમજવામાં આ લેખ ઉપયોગી જણાવાથી અત્રે મૂક્યો છે. —તંત્રી]

ભગવાન શંકર યોગીઓના યોગી, પરમયોગી, યોગ યોગેશ્વર કહેવાય છે. યોગમાર્ગના સાધકો અને સિદ્ધયોગીઓ એમને પરમગુરુ તરીકે માનીને એમની દ્વારા પ્રેરણા, પ્રકાશ તથા પથપ્રદર્શન પામે છે. એમના પ્રત્યે અસાધારણ આદરભાવ રાખે છે. એમને પરમપૂજ્ય સમજે છે. જ્ઞાનમાર્ગની અભિરૂચિવાળા અને અદ્વૈતજ્ઞાનના આરાધક પરમજ્ઞાનીઓ પણ એમને પરમારાધ્ય તરીકે સ્વીકારે છે.

ભગવાન શંકરના નામ પરથી સૂચિત થાય છે તે પ્રમાણે, ભગવાન શંકર કલ્યાણ કરનારા અથવા કલ્યાણ સ્વરૂપ છે, પરંતુ આપણે એમને એવા ભાગ્યે જ સમજીએ છીએ એટલે તો એમના સ્વરૂપ સંબંધી જુદી જુદી કલ્પના તથા ભાવના કરીએ છીએ. એ બધી કલ્પનાઓ તથા ભાવનાઓ કેટલીકવાર વાસ્તવિકતાઓથી વેગળી હોય છે અને જીવનઘડતરના મંગલમય મહાકાર્યમાં મદદરૂપ નથી થઇ શકતી. એને બદલે જો વાસ્તવિકતાની ધરતી પર ઊભા રહીને શંકર ભગવાનના રહસ્યમય રૂપનો વિચાર કરીએ તો મોટી મદદ મેળવી શકીએ.



ભગવાન શંકરના સ્વરૂપનું જે ચિત્રણ કરવામાં આવે છે તેનો વિશાળ રીતે વિચાર કરીએ તો શું જાણવા મળે છે? શંકરને ત્રિનેત્ર કહેવામાં આવે છે. એમના કપાળમાં ત્રીજું નેત્ર છે. એ ત્રીજું નેત્ર બીજું કાંઇ જ નથી પરંતુ પાતંજલ યોગદર્શનમાં જેને ઋતંભરા પ્રજ્ઞાનું ઉત્તમ નામ આપવામાં આવ્યું છે તે જ છે. એને અંતરની આંખ પણ કહેવામાં આવે છે. અલૌકિક દિવ્ય દૃષ્ટિ, હૃદયની શુદ્ધિ સાધીને સમાધિની અદ્‌ભુત અતીન્દ્રિય અવસ્થામાં ઈશ્વર સાથે એકરૂપ થઇ ચૂકેલા યોગીપુરુષને ઋતંભરા પ્રજ્ઞાની પ્રાપ્તિ થાય છે. એવી પ્રજ્ઞાની અથવા તો સત્યમયી બુદ્ધિશક્તિની પ્રાપ્તિ થતાં સત્ય અને અસત્યનો નિર્ણય કરવાનું કામ એને માટે સરળ તથા સહજ બને છે. એ કદી ભ્રાંતિ કે શંકામાં નથી પડચો. એની સમસ્ત સંશયગ્રંથી છેદાઇ જાય છે. એ પ્રજ્ઞાશક્તિ સૂર્ય જેવી ઉગ્ર નથી હોતી પરંતુ ચંદ્ર જેવી શીતળ હોય છે. માટે જ એને ચંદ્ર સાથે સરખાવવામાં આવે છે. એવી પ્રજ્ઞાશક્તિની પ્રાપ્તિ માટે જીવનમાં પુરુષાર્થ કરવાનો છે. જો સમુચિત દિશામાં પુરુષાર્થ કરવામાં આવે તો એની પ્રાપ્તિ સહજ બની જાય. શંકરની ત્રીજી આંખમાંથી એવી પ્રેરણા મેળવવાની છે. *

ત્રીજી આંખ આજ્ઞાચક્રના સ્થાને આવેલી છે. એ સૂચવે છે કે યોગીનું આજ્ઞાચક્ર યોગસાધનાના પરિણામે પરિપૂર્ણપણે ઉઘડી જાય છે ત્યારે એમાંથી અનેક પ્રકારની આશ્ચર્યકારક અલૌકિક શક્તિઓનો આવિર્ભાવ થાય છે. એ ત્રિકાળદર્શી બને છે, એને ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન મળે છે, સિદ્ધ મહાપુરુષોનો દેવદુર્લભ દર્શનલાભ માટે છે, અને સમાધિ તથા શાંતિ સાંપડે છે.

* * *

ભગવાન શંકરે પોતાની જટામાં ગંગામાતાને ધારણ કરી છે એ શું સૂચવે છે? ભગીરથે પુષ્કળ પ્રયાસ કરીને સ્વર્ગમાં વહેનારી ગંગાને પૃથ્વીપર ઉતારી એ વાત સુપ્રસિદ્ધ છે. એ ગંગા કેટલાયનું કલ્યાણ કરે છે. એવી રીતે સદ્‌ભાવ તથા સદ્‌વિચારની પતિત-પાવની પ્રેમમયી ગંગાને ભગીરથ પ્રયાસ કરીને આપણે આ પૃથ્વીપર ઉતારવાની છે. એ પ્રેમમયી, મધુમયી, સદ્‌ભાવભરી ગંગા આપણા જીવનમાંથી અદૃશ્ય થઇ છે. એને અંતરના ઊર્ધ્વ-લોકમાંથી પ્રકટાવીને આપણે ઝીલી નથી શકતા. એને લીધે આપણા વ્યક્તિગત, સમષ્ટિગત અને રાષ્ટ્રીય જીવનમાં જેવી જોઇએ તેની મધુરતા, પવિત્રતા, પ્રીતિ, સહકાર ભાવના, સંવાદિતા અને એકતાનું દર્શન નથી થતું. જીવનમાંથી રસકસ તથા મંગલતા સૂકાતી જાય છે.

નીલકંઠ શંકર, સમુદ્ર મંથનના પરિણામરૂપે પેદા થયેલા, સમસ્ત સૃષ્ટિના સર્વનાશની શક્યતાવાળા, ભયંકર વિષનું પાન કરીને સૌને સંદેશ આપી રહ્યા છે કે સંસારમાં મળી આવતા ચિંતા, નિંદા, કષ્ટ, પ્રતિકૂળતા, નિરાશા અને નિષ્ફળતારૂપી વિષનું નિર્ણયતાપૂર્વક, બનતી સ્વસ્થતા, શાંતિ તથા પ્રસન્નતાથી, પાન કરતાં શીખજો. એ તમને ડરાવે, ડગાવે કે હતપ્રભ ના કરે તેનું ધ્યાન રાખજો. જીવનમાં વિષ અને અમૃત બને છે. હજમ કરતાં શીખશો તો આખરે અમૃતનો અમુલખ આસ્વાદ પણ પામી શકશો. જીવન વિષનું વમન કરવા માટે નથી, પરંતુ અમૃતના આસ્વાદને માટે જ મળેલું છે.

શંકરને મુંડમાળા ધારણ કરતા તથા શરીરે ભસ્મલેપન કરતા કહેવામાં આવ્યા છે. ભસ્મની પાછળ વૈરાગ્યનો અથવા અના-



સક્તિનો ભાવ સમાયેલો છે. સંસારની વિનાશશીલતાના પ્રતીક જેવી ભસ્મનું લેપન કરીને શંકર સૌને સ્મરણ કરાવે છે કે સંસારના સઘળા પદાર્થો વિનાશશીલ, ભસ્મભૂત થનારા અથવા અસાર છે, માટે કોઇયે પદાર્થમાં આસક્ત ના થશો કે મમતા ના બાંધશો. સંસારના વિવિધ વિષયોની વચ્ચે તટસ્થ તથા સાક્ષીભાવે રહેતા શીખજો. કશામાં કેદ ના થતા કે કશાથી ભાન પણ ના ભૂલતા. સંસારની વિનાશશીલતાનો વિચાર કરીને તમારા કર્તવ્યનું પાલન કરતાં કરતાં અંતરને એનાથી અલગ રાખજો. મુંડમાળા સ્મશાનથી સૂચક તથા કાળની નિશાનીરૂપ છે. શંકર મુંડમાળાને ધારણ કરે છે એનો ભાવાર્થ એટલો જ છે કે શંકર મૃત્યુંજય છે. કાળના સ્વામી છે. એમની ઉપર કાળનું શાસન નથી ચાલતું. એ અમૃતમય છે. એમનો આધાર લઇને જીવનને સાધનામય બનાવીને, આપણે પણ અમૃતમય થઇએ અથવા મૃત્યુંજય બનવાની પ્રેરણા પામીએ એવો એમાં સંદેશ સમાયેલો છે. એ સ્મશાનવાસી બનીને સૂચવે છે કે આખરે તો સ્મશાનનો જ આશ્રય લેવાનો છે. માટે વર્તમાન જીવનનો સદુપયોગ કરવો અને એ ઘડી કે પળ આવી પહોંચે એ પહેલાં પરમાત્માનો સાક્ષાત્કાર કરીને જીવનની સાર્થકતાને સાધી લેવી.

કલાકારો અને ચિત્રકારોએ શંકરની સાથે સાપને પણ જોડી દીધા છે. એની પાછળ પણ ઊંડું રહસ્ય રહેલું છે. સાપ ઝેરી છે. સંસારમાં રહેલા વેરઝેર, ક્લેશ તથા પ્રતિકૂળ પરિબળોનું એ પ્રતીક છે. શંકર ભગવાનનો એ વાળ પણ વાંકો નથી કરી શકતા. તેવી રીતે સંસારની ટીકાઓ, નિંદાઓ, પ્રતિકૂળતાઓ, આફતો, યાતનાઓ અને સંસારના વેરઝેર કાંઇ જ ના કરી શકે; પોતાના મૂળ માર્ગમાંથી અને સત્યની નિષ્ઠામાંથી આપણને ચળાવી ના

શકે; તેવી તૈયારી આપણે કરી લેવાની છે. એવી યોગ્યતા મેળવી લઈએ તો જીવન આનંદમય બની જાય અને દ્વંદ્વોમાંથી ક્રમે ક્રમે મુક્તિ મેળવાય.

યોગમાર્ગમાં કુંડલિનીશક્તિને કરોડરજ્જુની નીચેના ભાગમાં મૂલાધાર ચક્રમાં રહેલી, મૂલાધારશાયિની, ભુજંગાકારધારિણી, માનવામાં આવી છે. કુંડલિનીશક્તિને જગાડીને ક્રમે ક્રમે ઊર્ધ્વ-ગામિની બનાવીને બંને ભ્રમરની મધ્યના પ્રદેશમાં ને છેવટે મસ્તકમાં રહેલા સહસ્રદલ કે બ્રહ્મરંધ્રચક્રમાં પહોંચાડવામાં આવે છે. કુંડલિનીશક્તિ ત્યાં પહોંચે છે ત્યારે નિર્વિકલ્પ સમાધિ સાંપડે છે અને સ્વાત્મસાક્ષાત્કાર થાય છે. કુંડલિનીશક્તિ મૂલાધારમાંથી જાગીને ઊર્ધ્વારોહણ કરે છે ત્યારે જુદાં જુદાં ચક્રોમાંથી પસાર થતી વખતે સાધકને જુદા જુદા અલૌકિક અનુભવો કરાવે છે અને શાંતિ આપે છે. સાધકની કાયાપલટ થઈ જાય છે. ભગવાન શંકર તો યોગીઓના યોગી અથવા પરમારાધ્ય છે. એમની કુંડલિનીશક્તિ સંપૂર્ણપણે જાગ્રત થઈને મસ્તક સુધી પહોંચી ગઈ છે એવું સૂચવવા માટે જ એમના અંગ પર મૂલાધારથી માંડીને મસ્તકપર્યંત સર્પોને મૂકવામાં આવ્યા છે. સર્પનું એવું આધ્યાત્મિક અર્થઘટન કરવાની આવશ્યકતા છે. એવું અર્થઘટન ઉપયોગી થઈ પડશે.

સાક્ષાત્કારી, પરમાત્મદર્શી, પરમાત્મનિષ્ઠ મહાયોગી કામના કુપ્રભાવથી મુક્ત હોય છે. માટે જ ભગવાન શંકરને સ્મરહર કહેવામાં આવે છે.

* * *

શંકર યોગીના યોગી, જ્ઞાનીના જ્ઞાની, ભક્તોના પરમારાધ્ય તથા ભક્ત છે. એમણે નંદીને એમના વાહનરૂપે રાખ્યો છે. એની



પાછળ ઊંડું રહસ્ય રહેલું છે. ભારત જેવા ખેતી પ્રધાન દેશમાં ગાય અને એના પરિવારની ઉપેક્ષા ઉચિત નથી પરંતુ એમની સેવા અત્યંત અનિવાર્ય છે. તો જ ખેતીવાડી સમૃદ્ધ બની શકશે અને પ્રજા સુખી બનશે એવો સર્વોપયોગી શકવર્તી સંદેશ આપવા માગનારા શંકર નંદીને પોતાની પાસે ના રાખે તો બીજા કોને રાખે? પોઠિયા દ્વારા એ યોગીઓને તથા અન્ય સૌને પરહિતની પ્રેરણા પૂરી પાડે છે.

એ પદ્માસનમાં વિરાજીને સંસારના વિરોધાભાસી વાયુ-મંડળની વચ્ચે વસવા છતાં એથી અલિપ્ત રહેવાની અને અહર્નિશ આત્મનિષ્ઠ બનવાની પ્રેરણા પ્રદાન કરે છે.

લોકોની અવિચારિતા કે કરુણતા તો જુઓ. એવા શ્રેષ્ઠ જીવનોપયોગી સંદેશની દીક્ષા લેવાને બદલે મોટા ભાગના લોકોએ શંકરની સાથે ભળતી વાતોને જોડી દીધી છે અને શંકરને વ્યસની તરીકે પણ ચીતરી બતાવ્યા છે. એમની સાથે ભાંગ, ગાંજા તથા ચલમનો સંબંધ બાંધી દીધો છે. એથી અધિક દુઃખદ બીજું શું હોઈ શકે? જે પ્રજા પોતાના દેવતાને પણ વ્યસની કહી બતાવે અને એમને નામે વ્યસનને પોષે કે પ્રોત્સાહિત કરે એ પ્રજા શીલવાન તથા બળવાન ક્યાંથી બને? શંકર તો કલ્યાણકારક છે. એમનામાં એવા અમંગલ તત્ત્વો નથી ભરેલાં. એમને સાચા અર્થમાં સમજવાની આવશ્યકતા છે. તો જ એમની સેવાપૂજા–આરાધના જીવનમાં નવો પ્રાણ પૂરનારી અને જીવનને જ્યોતિર્મય કરનારી થઈ શકે.

શંકર ભગવાન કલ્યાણકારક છે એટલે આપણે પણ શિવ-સ્વરૂપ કે કલ્યાણકારક થવું જોઈએ. આપણા મનમાં, અંતરમાં,

આણુઆણુમાં, લોચનમાં, વચનમાં, વર્તનમાં બધે કલ્યાણ ને કલ્યાણ જ ટપકવું જોઇએ. કાનથી શુભ કે મંગલ સાંભળીએ, આંખથી મંગલ અવલોકીએ, વાણીથી મંગલ બોલીએ, અને મનથી મંગલ વિચારીને કર્મોદ્વારા મંગલને આકાર આપીએ, ત્યારે આપણે શિવના સાચા ઉપાસક થયા કહેવાઇએ. એવી ઉપાસના આવશ્યક છે.

* * *

પરમાર્થપ્રેરક, પરમજ્ઞાનપ્રદાયક, મુક્તિકારક ભગવાન શંકરને લાખો લોકો પૂજે છે, ભજે છે, સેવે છે. એમના સ્તવન, મનન, રટણમાં ગૌરવ ગણે છે. પંચાક્ષર મંત્ર 'ૐ નમઃ શિવાય'ના જપ એમના અનુગ્રહને માટે અક્સીર મનાય છે. શિવમહિમ્નસ્તોત્રમાં શંકરના પરમકૃપાપાત્ર ભક્ત પુષ્પદંતે કહ્યું જ છે કે શંકરથી શ્રેષ્ઠ, શીઘ્ર કૃપા કરનાર કોઇ દેવ નથી, મહિમ્નસ્તોત્રથી ઉત્તમ બીજી કોઇ સ્તુતિ નથી, ૐ નમઃ શિવાય કરતાં ઉત્તમ બીજો કોઇ મંત્ર નથી, અને ગુરુથી ઉત્તમ કોઇ તત્ત્વ નથી.

મહેશાન્નાપરો દેવો, મહિમ્નો નાપરા સ્તુતિઃ,
અઘોરાન્નાપરો મંત્રો, નાસ્તિ તત્ત્વં ગુરોઃ પરમ્.

—એવી અડગ, અનંત શ્રદ્ધાભક્તિવાળા ભક્તો પર ભગવાન શંકરની અનુગ્રહવર્ષા વરસે છે.

એમના દિવ્ય સ્વરૂપના મર્મને તાજો કરીએ અને જીવનની સર્વતોમુખી સમુન્નતિ માટે એમનો અનુગ્રહ માગીએ.

કૌપીનપંચકમ્ સ્તોત્રમાં આદ્ય શંકરાચાર્ય મહારાજે જણાવ્યું છે કે જે પવિત્ર પંચાક્ષર મંત્રના જપ કરે છે, સંસારના સ્વામી શંકરનું હૃદયમાં ધ્યાન ધરે છે, અને જીવનનિર્વાહને માટે



પ્રામાણિક પુરુષાર્થ કરતાં ઓછામાં ઓછા પરિગ્રહનો આધાર લે છે, તે સાચેસાચ અને સૌથી વધારે ભાગ્યશાળી છે.

પંચાક્ષરં પાવનમુચ્ચરન્તઃ, પતિં પશૂનાં હૃદિ ભાવયંતઃ,
ભિક્ષાશના દિક્ષુ પરિભ્રમન્તઃ, કૌપીનવંતઃ ખલુ ભાગ્યવંતઃ.

ભગવાન શંકરનાં મંદિરોમાં લિંગપૂજાની ખાસ પદ્ધતિ પરંપરાગત રીતે ચાલી આવે છે—પણ તેના રહસ્ય અને નિષ્કર્ષ તેમ જ સંદેશ તરફ આપણું ધ્યાન ગયું છે ખરું? કોઇક વિચાર-શીલ પુરુષોનું લક્ષ એ તરફ ખેંચાયું હશે—તો ઘણા એ તરફ ઉદાસીન જ રહ્યા હશે.

કેટલાક લોકો લિંગપૂજાની પદ્ધતિને અશ્લીલ માને છે, તો અમુકને એમાં 'વામ માર્ગ'ની અસર લાગે છે. શિવલિંગની એ પૂજા—પદ્ધતિ સ્ત્રી—પુરુષોનાં ગુપ્ત અંગોની જ પૂજાનો પુરસ્કાર કરતી હોય એમ, કેટલાક લોકો એના તરફ તિરસ્કાર બુદ્ધિથી પણ જુએ છે, અને તેને અસંસ્કારિતાની નિશાની તરીકે સમજે છે. આમ હોવાથી સ્વાભાવિક રીતે જ 'લિંગપૂજા' એ શું છે? એ પ્રશ્ન પર વિચાર કરવાનું મન થાય છે.

ભારતમાં શિવલિંગની પૂજાપદ્ધતિનો પ્રારંભ ક્યારથી થયો એનો નિર્ણય કરવાનું કોઇ સ્પષ્ટ સાધન આપણી પાસે નથી. જો એ પૂજાપદ્ધતિને વામમાર્ગના એક પ્રતીક તરીકે માનીએ તો એનો પ્રારંભ વામમાર્ગ અસ્તિત્વમાં આવ્યો તે પછી થયો એમ માનવું પડે. પુષ્પદંતે લખેલા 'શિવમહિમ્ન સ્તોત્ર'ના પેલા વર્ણન પ્રમાણે માનીએ તો એનો પ્રારંભ પ્રાગૈતિહાસિક કાળમાં થયો હશે એમ સ્વીકારવું પડે. જો એને સાંખ્યદર્શનના, પ્રકૃતિ અને પુરુષના સંયોગના સિદ્ધાંતના આધારે ઉભી થયેલી પૂજા માનીએ તો એને

સાંખ્યદર્શન જેટલી જૂની કહેવી પડે. એના નિર્ણયનો પ્રશ્ન આપણા માટે એટલો બધો મહત્ત્વનો નથી જેટલો એ પૂજાના સંદેશનો છે—માટે આપણે એની જ વિચારણા કરીશું.

શિવપૂજાની પદ્ધતિમાં મુખ્યત્વે શું છે? નીચે 'યોનિ' છે અને ઉપર 'લિંગ' છે. યોનિ સ્ત્રીનું અને લિંગ પુરુષનું પ્રતીક છે—એ બેઉનો સંયોગ કરવામાં આવ્યો છે. ભક્તો એની પૂજા—અર્ચના કરે છે—ઉપાસના ય થાય છે. એના પર પુષ્પો તથા બિલીપત્રો પણ ચડાવે છે, અને પાણી પણ રેડે છે. ઉપરથી જોતાં તો પૂજા કરવાની આ ક્રિયા તદ્દન સાધારણ દેખાય છે—પણ એનો શાંતિથી વિચાર કરરામાં આવે તો એમાં ઊંડું રહસ્ય હોવાની પ્રતીતિ થાય છે. સાંખ્યશાસ્ત્રનો પ્રકૃતિ અને પુરુષના સંયોગથી સૃષ્ટિના સર્જનનો સિદ્ધાંત ગીતાજીમાં ખૂબ જ સુંદર રીતે રજૂ કરતાં કહેવાયું છે :

"મમ યોનિઃ મહદ્ બ્રહ્મ, તસ્મિન્ગર્ભં દધામ્યહં;
સંભવઃ સર્વ ભૂતાનાં, તતો ભવતિ ભારત."

'હે અર્જુન! પ્રકૃતિ મારી યોનિ છે. એની અંદર હું ગર્ભાધાન કરું છું અને તેનાથી જ આખી સૃષ્ટિનું સર્જન થાય છે.'

પુરુષ પ્રકૃતિની સહાયથી સૃષ્ટિનું સર્જન કરે છે એ તત્ત્વ-જ્ઞાનના મૂળ સિદ્ધાંતને મૂર્તિમંત કરવા માટે આવી રીતે લિંગ-પૂજાનું બાહ્યસ્વરૂપ યોજવામાં આવ્યું છે. લિંગ પુરુષવાચક અને યોનિ પ્રકૃતિ સૂચક છે. એમાં કોઈને વિકાર, વાસના કે કામ-ભાવનાની ગંધ આવતી હોય અને તેથી તિરસ્કારવૃત્તિ પેદા થાય તો એમાં તેનું અજ્ઞાન જ રહેલું છે. લિંગપૂજાના સાચા ભાવ અથવા રહસ્યને ખોટી રીતે સમજવાનું જ એ પરિણામ છે. આ



રીતે જોતાં શિવલિંગની પૂજા અશ્લીલતા કે કામુક્તાની પૂજા નથી—કોઇ સંસ્કારી પ્રજા એવી પૂજા ન કરે—એવી પૂજાની કલ્પના પણ ભારતના મહાપુરુષોને નથી આવી. શિવલિંગની પૂજા તો પુરુષ—પ્રકૃતિના સિદ્ધાંતો સાથે સંકળાયેલી ભાવના તથા પરમાત્માની વિરાટ શક્તિની છે. એ રીતે વિચારવામાં આવે તો એના પ્રત્યે 'સુગ' નહિ થાય, પણ એનો લાભ લઇ, તેમાં વણાયેલા આધ્યાત્મિક સિદ્ધાંત સાથે એકાત્મતા અનુભવી શકાશે. પરંપરાથી ચાલતી આવેલી એ પૂજાપદ્ધતિ ઘણી જ સારગર્ભિત અને ઉપયોગી છે. તો પણ આપણે એનો સાર સમજવાનું છોડી દીધું છે. એટલે આપણ માટે એ નિર્જીવ બની છે.

શિવલિંગ પર પાણી રેડવાની કે પાણીની ચાલુ ધારા કરવાની પણ ચાલુ છે. એનું રહસ્ય શું હશે?

કેટલાક એમ કહે છે કે ભગવાન શંકરે 'વિષપાન' કર્યું ત્યારથી એમના અંગમાં જે અસહ્ય દાહ પેદા થયો છે તેને શાંત કરવા, એમના પર પાણીની ધારા કરવામાં આવે છે. તો વળી બીજા કેટલાકનું મંતવ્ય એવું છે, કે કૈલાસ જેવા હિમાચ્છાદિત અને અત્યંત ઠંડા પ્રદેશમાં રહેનારા શંકરને બીજે ગરમી લાગે છે એટલે એમને ઠંડક આપવાના હેતુથી પાણીની એ ધારા કરવામાં આવે છે. આમ ઉપાસકો તથા વિદ્વાનો પોતપોતાની ભાવના અને સમજ પ્રમાણે એ બાબત સ્પષ્ટીકરણ કરતા હોય છે. આમ છતાં એ સ્પષ્ટીકરણ આપણે માટે પ્રેરક નથી થતું.

આપણે તો એનું એવું સ્પષ્ટીકરણ જોઇએ જે પ્રેરક હોય અને આપણા જીવનને જોમવંતુ પણ બનાવી શકે. આપણે જાણીએ છીએ, કે જીવનની સ્થિરતા, સ્વસ્થતા, સલામતી, સંવાદિતા તથા સ્વાસ્થ્ય શક્તિનો આધાર, પુરુષ અને સ્ત્રી બેઉ

પોતાના એ અગત્યનાં અંગોના સંયમ સાથે એના ઉપર રહેલો છે. તે અંગોને સ્વચ્છંદી બનાવવાથી એ વ્યક્તિ તથા સમાજને બરબાદીના માર્ગે લઇ જાય છે.

ગીતાજીમાં કહેવાયું છે કે : "કામ અને ક્રોધના શરીરમાં પેદા થતા આવેગોને જે મનુષ્ય જીવનમાં સહન કરે છે—અથવા સંયમી બનીને એને કાબુમાં રાખે છે તે જ સુખી બને છે અને 'યોગી' પણ તે જ થઇ શકે છે.'

શિવલિંગ પર પાણીની સતત કરાતી ધારામાં એ ઉમદા સંદેશ સમાયેલો છે. એમાંથી પ્રેરણા મેળવીને આપણે આપણા આવેગોને કાબુમાં રાખતાં શીખવાનું છે. સંયમ, સાધના, ભક્તિ અને જ્ઞાનના પવિત્ર પાણીથી આપણા અણુએ અણુને અલૌકિક તથા અમૃત-મય કરી નિર્વિકાર, નિર્લેપ, સ્થિતપ્રજ્ઞ દશાની, પ્રાપ્તિ કરવાની છે. એ સંદેશને સમજી, ગ્રહણ કરી, એ પ્રમાણે વર્તન કરીશું તો જીવન સુખી બનશે, કાર્યોમાં સફળતા મળતી જશે, અને એ રીતે કરેલી શિવપૂજા પણ શોભી ઉઠશે.

આજે કેટલાંક નવાં બંધાતા શિવમંદિરોમાં શિવલિંગને બદલે ભગવાન શંકરની પ્રતિમા મૂકવામાં આવે છે. એક અનોખા પ્રયોગ તરીકે એ આવકારદાયક ભલે હોય પરંતુ એની પાછળ લિંગપૂજા બાલિશ છે—વિલાસિતા પ્રેરક છે—અને દેહનાં ગુપ્ત અંગોની પૂજા છે એવા આધાર વગરના તેમ જ ઉટપટાંગ ભ્રામક ખ્યાલો જ પ્રવર્તતા હોય એ બરાબર નથી.

શિવલિંગની પૂજા પસંદ પડે કે ના પડે—અને તેનો આધાર આપણે લઇએ યા ના લઇએ તો પણ એની પાછળ જે દાર્શનિક સિદ્ધાંત અને સંયમની દૃષ્ટિ છે એને તો સમજી લેવી જરૂરી છે. એ સમજવાથી આપણને અવશ્ય લાભ થશે. □



# અમૃતપળોનો આસ્વાદ-૧૨

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

સંતોનું દિવ્ય સાન્નિધ્ય એ ખરેખર અવનિપરનું અમૃત છે. સંત સુધારસપાનનો લ્હાવો પ્રભુની પરમકૃપા વિના શક્ય નથી.

આખો વખત સંસારીભાવોમાં ભટકતા મનને બીજું તો શું ભાવે? મનને પરમ કલ્યાણના પંથે વાળવું બહુ મુશ્કેલ છે છતાં પરમશાંતિ માટે જે અનિવાર્ય છે મેળવવું જ રહ્યું. પ્રભુએ માનવ અવતાર આપ્યો છે તો એ અવતારની સાર્થકતા સંસારીભાવોમાંથી ઉપર ઉઠી દિવ્યભાવોમાં પ્રતિષ્ઠિત થવામાં છે. માનવથી પરમપદ તરફની આ યાત્રા ભગીરથ પુરુષાર્થ માગી લે છે.

માનવ માટે એકલેપંડે આ યાત્રા કરવી મહાકઠિન છે. જો આ યાત્રામાં કોઇ સાચા સંતનો સાથ મળી જાય, ગુરુકૃપાનો અમૃત અવસર મળી જાય કે ક્યાંય પ્રેરણા પરબ પ્રાપ્ત થઇ જાય તો એ ઉજ્જ્વળ જીવનની વાટ ખરેખર આહ્લાદક બની જાય છે! જીવનયાત્રા મંગલમહોત્સવ બની જાય છે. એમાંય પરમપદે પ્રતિષ્ઠિત પરમપુરુષનું સાન્નિધ્ય સાંપડી જાય તો તો આ માનવજીવનની ધન્યતાની કોઇ સીમા ન રહે! માનવજીવનની મુક્તિનું મહાદ્વાર ખૂલી જાય!

માન્યુ મંદિર મુક્તિતણું આ જે તેથી પ્રભુ ધ્યાવે,
તેના બંધન તૂટે સઘળાં, શાંતિ સનાતન પાવે.

આવો એક અમૃતમય અવસર આપણે જીવન આંગણે પણ આવીને ઊભો છે. આ જીવનમંદિરમાં પ્રભુને પ્રતિષ્ઠિત કરવાની

મંગલવેળા અનાયાસે આવીને ઊભી છે. પ્રભુ પધાર્યાની આ રળિયામણી ઘડીને વધાવીને ચાલોને ધન્ય થઇ જઇએ!

પણ આપણા મનની બલિહારી તો જુઓ! મન આપણને માનવા જ દેતું નથી કે પ્રભુ કંઇ આટલી સરળતાથી થોડા મળી જાય? જીવનભર મનની ગુલામી કરી છે તેથી મન આ અમૃત-ઘડીને ઓળખવા દેતું નથી. માનવીમનની આ નબળાઇ જાણીને જ શ્રીરામકૃષ્ણદેવ છાપરે ચડીને પોકારી પોકારીને પ્રભુને સાદ પાડીને કહેતા "પ્રભુ! યોગ્ય જીવોને અમારી પાસે અહીં મોકલો, અમારે કંઇ આપવું છે" પરંતુ મન જન્મોની ઘોર તંદ્રામાંથી જાગતું નથી અને આપણે અવસર ચૂકી જઇએ છીએ. યુગો પહેલા ભગવાન વેદવ્યાસે બે હાથ ઊંચા કરીને પોકારો પાડીને વારંવાર કહ્યું હતું કે ધર્મનો માર્ગ જ સુખશાંતિ આપનારો છે, અધર્મનો કદી નહીં, કદી નહીં! આજે પણ સંતો એજ પોકારો પાડી રહ્યા છે પણ મનની ચંચળતા ધન અને ઇચ્છાઓનો લપસણો માર્ગ છોડી શકતા નથી. બધું જ હોવા છતાં સુખશાંતિ જાણે સ્વપ્નવત્ બની જાય છે!

પૂ. માને જ જુઓને! કેટલો અથાગ પુરુષાર્થ ધર્મમય જીવન માટે કરી રહ્યાં છે પણ આપણને તેમની વાત કાને ધરવાનો સમય નથી. શ્રી નારાયણભાઇ પણ 'અધ્યાત્મ' દ્વારા ભગવાન બાદરાયણના એ જ પોકારોનો વારંવાર પડઘો પાડી રહ્યા છે. પૂ. મા અને પૂ. યોગેશ્વરજીના જીવનલીલા પ્રસંગો રજુ કરી એક પરમ ઉજ્જ્વળ જીવનનું ઉદાહરણ રજુ કરી રહ્યા છે. પણ સત્યનો સાક્ષાત્કાર કરવા આપણું મન હરગીઝ તૈયાર થતું નથી. પૂ. માનું પરમ જીવન તો આપણી નજર સામે જ વહી રહ્યું છે,



ચાલો એ પરમ જીવનનો રસાસ્વાદ જેટલો માણી શકાય તેટલો માણી લઇએ!

પૂ. મા હમણાં જ સૌરાષ્ટ્રની યાત્રા પૂરી કરીને આજે તા. ૯ જાન્યુ–૯૧ ના રોજ મોરબી પધાર્યા છે. પૂ. નારાયણભાઇ તથા વિદેશના કેટલાક ભક્તો પણ સાથે છે. શ્રીહરિનું નિવાસસ્થાન ભાવિક ભક્તોથી ઊભરાઇ રહ્યું છે. પ્રેમપૂર્ણ સ્વાગતનો પ્રત્યુત્તર આપતાં પૂ. મા કહે "ભોગ આપ્યા વિના જીવનનો ચમકાર આવતો નથી." શ્રીરવિશંકર મહારાજ કહે છે કે "બીજા માટે ઘસાઇને ઉજળા થવું જોઇએ. આપણા સાંસારિક કામ માટે તો આપણે ઘસાઇએ છીએ પરંતુ જીવનની સાચી ઉજ્જ્વળતા તો બીજા માટે ઘસાઇ છૂટવામાં છે. કપડાંને ઘસવાથી જેમ તેનો મેલ દૂર થાય છે, તેમ જીવનના મેલને કાઢવા માટે તેને પણ તપ દ્વારા ઘસવું પડે છે. તપ વિના જીવનમાં ચળકાટ આવતો નથી. જેવું તપ તેવી ચમક! અત્યાર સુધી તો સંસારની સુખાકારી માટે ઘસાતા આવ્યા છીએ હવે પ્રભુની પ્રસન્નતા માટે ઘસાઇને ઉજ્જ્વળ બનીએ. અમારા જીવનમાં જે ઉજળાશ છે તે આ મહાપુરુષની કૃપા છે. તાડના વૃક્ષની છાયામાં વિશ્રામ મળતો નથી એ માટે તો લીમડો કે વડની ઘટાદાર છાંયા જોઇએ. તેમ અમે અમારો જીવન વિશ્રામ પૂ. યોગેશ્વરજી જેવા સંત વડલાની છત્રછાયામાં લીધો છે."

આજથી મોરબીના ભાવિક ભક્તોને પૂ. માની પરમગોદમાં બેસવાનો અનન્ય લાભ મળ્યો છે. પ્રભુની પરમકૃપા વિના પૂ. મા જેવા પ્રકટ પરમપુરુષનો લાભ મળતો નથી. જેઓ શ્રદ્ધાપૂર્વક એ શ્રીચરણે બેઠા છે તેમના સૌભાગ્યની તો શું વાત કરવી? આપણે

પણ આ અલૌકિક અવસરને માણી લઇએ! સંસારના ત્રિતાપે ક્ષીણ થયેલા આપણા જીવન પ્રવાહને પૂ. માની કૃપાવર્ષાથી પુષ્ટ કરી લઇએ.

આજે તા. ૧૦, જાન્યુઆરી '૯૧ ના રોજ રાત્રે નવ વાગ્યે શ્રીહરિના નિવાસસ્થાને સત્સંગસભા મળી છે. ઠંડીના દિવસો છે. પૂ. મા સોફાપર બિરાજ્યાં છે, મસ્તકે સફેદ મફલર વીંટયું છે. શ્રીઅંગ પર ક્રીમ કલરની શાલ લપેટી છે. પૂ. મા પ્રસન્ન છે. ભાવિક ભક્તોથી બેઠક રૂમ ચિક્કાર ભરાયેલો છે. વાતાવરણ એક દૈવી પમરાટથી મઘમઘી રહ્યું છે. પૂ. માની કૃપાદૃષ્ટિ સહજ જ સૌ પર ફરી રહી છે, તે વિદેશથી આવેલાં શ્રીરંજનબેન પર ઠરતાં પૂ. મા તેમને કંઇપણ ગાવાનું કહે છે. શ્રીરંજનબેનના મધુર કંઠમાંથી ભાવઝરણું જાણે ફુટી નીકળ્યું!

વિશાળ ભવના દાવાનળમાં,
અમે રહ્યા મા બળી જળી,
વરસો માતા કૃપા કરી,
વિલંબ શાને કરો જરી?
હે સર્વેશ્વરી, મા જગદંબા,
વિનંતિ સુણો મા ફરી ફરી.
ઋણાનુબંધે ભેગા મળ્યા તો,
સાચા સ્વરૂપે પ્રકટો જરી,
હે સર્વેશ્વરી મા જગદંબા,
વિનંતિ સુણો મા ફરી ફરી.

શ્રી રંજનબેનના મધુરકંઠ અને ભાવનો સુમેળ સધાતાં એ પ્રાર્થનાના ભક્તિમય વાતાવરણમાં સૌ જાણે ડૂબી ગયા! હા! શ્રી



રંજનબેનની પ્રાર્થના સાંભળીને જ પૂ. મા અહીં પ્રત્યક્ષ પધારેલાં છે. કોઇ પુણ્યોનો ઉદય કે ઋણાનુબંધ વિના તો આ મા મળે એવાં નથી, અને મળે તો પણ તેમની ઓળખ સાચા સ્વરૂપે થવી મહામુશ્કેલ છે! પૂ. માના સાચા સ્વરૂપને જેઓ પામ્યા છે તેમની સાધના તો આ પ્રકટ સ્વરૂપના દર્શને પૂર્ણ થઇ ગઇ છે. પૂ. માના પ્રકટ સ્વરૂપનું દર્શન ખરેખર અસાધારણ છે! જેમના અંતરને એ અલૌકિક ઝાંખી થઇ ગઇ છે તેઓ તો અમૃતમય થઇ ગયા છે!

મંગલ મીઠું નામ તમારું,
સુણતાં હૈયું ઠર્યું;
સાથ હશે તો સુખમય કેવો,
અમૃત અંગ ભર્યું.
રસ માધુર્ય પ્રેમથી આખું,
લથપથ અંગ થયું;
શરણે આવ્યું તેમ નિહાળ્યું,
તે તો તરત તર્યું.

આ દર્શને કંઇ કેટલાયનાં કિસ્મત ફર્યાં છે. પૂ. માના પાવન દર્શને જેમનાં કિસ્મત ફર્યાં છે ત્યાંના બાર જેટલા ભાઇબહેનો છેક અમેરિકા, કેનેડા અને પનામાથી અહીં મોરબી પૂ. માનું દિવ્ય સાન્નિધ્ય સુખને માણવા આવ્યા છે. જેને અમૃતફળ મળ્યું છે, તેની ભૂખ ભાંગ્યા વિના રહે? પછી એ અમૃતફળના આસ્વાદ વિના એમને બીજું શું રૂચે? આપણે પણ તે અમૃતમય આસ્વાદને માણીએ!

આજે સત્સંગમાં પૂ. માએ પ્રશ્નો પૂછવાનું કહ્યું એટલે સહજ જ પ્રશ્નોત્તરી શરૂ થઇ છે.

**પ્રશ્ન :** સત્સંગ માટે દરરોજ બહાર જવું જોઇએ કે ઘેર રહીને સાધનભજન કરીએ તો ના ચાલે?

**પૂ. મા :** જ્યાં સુધી નિશ્ચય ન થાય ત્યાં સુધી દોડવું પડશે. એકવાર પ્રભુને પ્રાપ્ત કરવાનો પાકો નિર્ણય થઇ જાય પછી બહાર જવાની જરૂર નહીં રહે. ગોપીઓએ જેમ શ્રીકૃષ્ણને અંતરમાં પ્રકટાવી દીધા હતા તેમ પ્રભુની પ્રતીતિ અંદર થઇ જાય પછી ક્યાંય બહાર જવાની જરૂર નહી રહે. જ્યાં સુધી પાકા નિર્ણયરૂપી મનના મજબુત મહેલમાં પ્રભુ પ્રકટી ન જાય ત્યાં સુધી બહારનો સત્સંગ જરૂરી છે.

**પ્રશ્ન :** દરરોજ ગીતાનું મહાત્મ્ય વાંચવું જરૂરી છે?

**પૂ. મા :** ના, દરરોજ વાંચવું જરૂરી નથી. એક વખત ગીતાનું મહત્ત્વ સમજાય જાય પછી વારંવાર તે વાંચવાની જરૂર નથી. સર્વેશ્વરીને એક વખત જાણી લીધા પછી ઓળખની જરૂર નહીં રહે. પછી તો તેમાંથી જે કંઇ પ્રાપ્ત કરવાનું છે તેની પાછળ જ પડવું જોઇએ.

**પ્રશ્ન :** સંતોની યાત્રાનું પ્રયોજન શું હોય છે?

**પૂ. મા :** સહયાત્રીઓ અને સંપર્કમાં આવતા શ્રદ્ધાળુઓની જીવનયાત્રામાં ભક્તિનું ભાથુ ભરવા સંતો આવી યાત્રાઓનું આયોજન કરતા હોય છે. સામાન્ય રીતે સંસારીઓ પોતાની જવાબદારીઓમાંથી મુક્તિ મેળવી શકતા નથી. તેથી આ યાત્રા નિમિત્તે તેમને મુક્તિ અપાવી, તેમનામાં આધ્યાત્મિક સંસ્કારોનું સીંચન કરે છે. યાત્રા તો એક નિમિત્તમાત્ર હોય છે પરંતુ એ દ્વારા અવનવા પ્રસંગો દ્વારા સંતો શ્રદ્ધાળુઓના આધ્યાત્મિક સંસ્કારો દૃઢ કરતા હોય છે.



**પ્રશ્ન :** પ્રદક્ષિણાથી શું ફાયદો થાય?

**પૂ. મા :** ભાવથી થતી કોઇપણ વિધિ પ્રભુપ્રેમ વધારે છે, ભાવોનું ઉર્ધ્વીકરણ કરે છે, એકાગ્રતા વધારે છે.

**પ્રશ્ન :** સદ્ગુરુ એટલે?

**પૂ. મા :** સામાન્ય શિક્ષણ આપે તે ગુરુ, પરંતુ આત્મિક કલ્યાણ માટે શિક્ષા આપે તે સદ્ગુરુ! સમર્થ સદ્ગુરુ આંતરિક અશુદ્ધિઓ દૂર કરી અંતરમાં પ્રભુ માટે પરમપ્રેમ પ્રકટાવે છે. આવા સદ્ગુરુ તો કલ્પવૃક્ષ જેવા હોય છે. તેમના શ્રીચરણે બેસવાથી બધું જ પ્રાપ્ત થાય છે. શિષ્યોએ પણ ગુરુ માટે તપવું જોઇએ, સદ્ગુરુની કરૂણા, કૃપા પ્રવાહિત થાય, તેવું વર્તન, વ્યવહાર કરવા જોઇએ.

**પ્રશ્ન :** શુભસંકલ્પ અને અશુભ સંકલ્પ સાથે થાય ત્યારે શું કરવું?

**પૂ. મા :** શુભ સંકલ્પ વધારતા જાઓ, શુભ ભાવો વધે તેવા કાર્યક્રમો જીવનમાં ઘડવા જોઇએ ને અમલમાં મૂકવા જોઇએ. અશુભ સંકલ્પને ઉગતા જ ડામવો, અમલમાં તો શુભ સંકલ્પ જ મૂકવો. હરપળે જાગૃત રહી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી નિર્ણય કરવો.

**પ્રશ્ન :** અંબાજી મારા ઈષ્ટદેવ છે, તો એક જ ઈષ્ટદેવનું જુદા જુદા મંત્રોથી સ્મરણ કરી શકાય? જુદા જુદા મંત્રોથી અનુષ્ઠાન થઇ શકે? દા. ત. જય અંબે, ૐ મા, શ્રી મા જય મા વિગેરે.

**પૂ. મા :** સ્મરણ થઇ શકે પણ અનુષ્ઠાન તો એક જ મંત્રનું કરવું જોઇએ. તમારું નામ બાલમુકુંદ છે. પણ તમને કોઇ અનસૂયાના પતિ કે ઓધવજીભાઇના પુત્ર કે ફલાણાના ભાઇ કે

કાકા કહે તો તેમાં એકસૂત્રતા નહીં જળવાય, અને તે યોગ્ય પણ નહીં લાગે. મનને ગમે, રુચે તે જ મંત્ર પકડી લો. એક જ ઈષ્ટદેવ અને એક જ મંત્રને વળગી રહો, એકને જ પકડો અને સર્વસમર્પણ કરી દો.

આ પ્રશ્નોનો જવાબ આપતાં આપતાં પૂ. મા સ્વાનુભૂતિની સમર્પણ ગાથાનું ગાન સહજ જ કરી રહ્યાં છે. જે પરમપુરુષના શ્રીચરણે બેઠાં તેમને જ જીવન સમર્પી દીધું.

હું તો એક જ વરને વરનારી,
બીજે ના ક્યાંયે ફરનારી,
શ્રીકૃષ્ણ કેવળ કે શિવજી,
કાલી મા વળી માત ભવાની,
સર્વ રૂપો સદ્‌ગુરુમાં વસતાં,
હસતાં રમતાં ત્યાં વળી ફરતાં.
રામાયણ કે મહાભારત વળી,
ચંડીપાઠ કે ગીતાજી,
ઉપનિષદ કે વેદશાસ્ત્રના,
સારતત્ત્વ સદ્‌ગુરુ મુખમાં.
નવરાત્રિ કે એકાદશી ને,
પૂનમ આઠમ વ્રતના એ,
અમૃતફળ મધુરાં મળતાં તે,
સદ્‌ગુરુ કલ્પવૃક્ષે મળે.
જ્યોતિર્લિંગ કે ચારધામની,
નર્મદાજીની પરીક્રમાની રે,
યાત્રા પુણ્ય પ્રદાયક છે,
એ ભાવિક ભક્તો કરતા રહે.



બિરાજતા શ્રીગુરુ વિગ્રહમાં,
અડસઠ તીરથ પુણ્ય બધાં,
પુણ્ય પ્રાપ્તિ કે પાપ નિવૃત્તિ,
પામી લેજે સર્વ સમર્પી.

સદ્‌ગુરુ આજ્ઞાપાલનથી જે
સદ્‌ગુરુ ભક્તિ જગાડી લે,
સર્વ સમર્પણ કરી જુઓને,
માંગો તે સઘળું મળશે.

સદ્‌ગુરુની પૂજાથી પામે,
તૃપ્તિ સઘળાં દેવો ને,
ગુરુસેવાથી સૌ રીઝનારા,
શાસ્ત્રવ્રત રૂપ તીરથ જ્યાં.

લૂંટાયે છે સદ્‌ગુરુ દ્વારે,
પરમ શાંતિ, શક્તિ ભક્તિ,
લૂંટનારા તો ધન્ય બનીને,
તરી ગયા ભવસાગરને.

સર્વેશ્વરી અનુભવથી ગાયે,
સદ્‌ગુરુ અમૃત ચાખે છે,
સદ્‌ગુરુ ભક્તિ કરો જીવનમાં,
મટશે સઘળાં બંધન ત્યાં,
હું તો એક જ વરને વરનારી,
બીજે ન ક્યાંયે ફરનારી.

પૂ. માની નસેનસમાં ગુરુભક્તિનો નશો ચડેલો છે, આજે જ્યારે અત્યારે વ્યક્ત થાય છે ત્યારે સાંભળનારને પણ એ

ગુરુભક્તિનો કેફ ચડી જાય છે. પૂ. મા એટલે ગુરુભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ! ગુરુભક્તિ પૂ. માના સ્વરૂપે સાક્ષાત આ અવનિપર પ્રકટ સ્વરૂપે વિહરી રહી છે. પૂ. માના શ્વાસે શ્વાસે ગુરુભક્તિની સીતારી બજી રહે છે. હૃદયના હર સ્પંદનમાં ગુરુભક્તિ જ ધબકી રહી છે. રોમેરોમ શ્રીગુરુચરણે અનુરાગના અર્ધ્ય ધરી રહ્યાં છે પૂ. માનાં દર્શન કરીએ ત્યારે એ માતૃસ્વરૂપમાં ગુરુદેવ પ્રભુ પ્રકટ લાગે! એ શ્રીવિગ્રહ પૂ. માનો લાગે એટલું જ પરંતુ એ અણુએ અણુમાં તો શ્રીગુરુહરિની પ્રેમબંસી અહર્નિશ બજી રહી છે! છેક કિશોરવયથી અત્યાર સુધીના પૂ. માના જીવનપટ પર નજર ફેરવશું તો એ જીવનચાલની પાછળ શ્રીગુરુહરિનો અદૃશ્ય પગરવ સ્પષ્ટ સંભળાશે. એ જીવનચાલના ચાલક બનીને શ્રીગુરુએ પૂ. માના જીવનને હરપળે સંભાળ્યું છે. એટલે તો પૂ. માની જીવનની દરેક ગતિવિધિમાંથી એ અનુભૂતિનું અમૃત સતત વહી રહ્યું છે.

મારી સાથે રહે, મારી પાસે રહે,
કોઈ જુએ ના એને, સર્વેશ્વરી માણે ખરે!

પ્રાણ પ્રસન્નતાથી એ જ ભરે,
નિત્ય શ્રદ્ધાભક્તિને એ જ ધરે,
તપવ્રતમાં સ્થિરતા એ જ ધરે,
નિરાશામાં આશની વાદળી બને,
અંધકારે અજવાળું દેતો ફરે,
એકાંતે એકાન્ત બની રક્ષા કરે,
છતાં શોધે એ એને દિવ્યરૂપે,
કોઈક દિને પધારશે પૂર્ણ રૂપે.

ચોવીસે કલાક આ ગુરુભક્તિ પૂ. માના શ્રીઅંગમાંથી



નીતરતી લાગે, કારણ કે ગુરુકૃપાની અનુભૂતિ કંઈ મહિને કે વરસે અનુભવાતી નથી પરંતુ હવે તો,

"પળ પળ તારાં દર્શન થાયે દેખે દેખણ હારા રે."

પસાર થતી પળેપળમાં પ્રભુ પ્રકટી રહ્યા છે. એ લીલાવિગ્રહની હર હરકતોમાંથી ગુરુકૃપામૃત નિરંતર વહ્યા કરે છે, એમાં એક ઘડીનો પણ વિક્ષેપ નથી. પૂ. માની વાણીમાં એ દિવ્યકૃપા કેફની મસ્તીના ફુવારા હરદમ ઉડતા લાગે. એ દિવ્યાનુભૂતિના ઘૂંટડા ભરી ભરીને પૂ. માનું મન રામ અમલમાં હરઘડી મતવાલું રહે છે. ભક્ત કવિ પ્રીતમદાસ કહે છે તેમ—

રામ અમલમાં રાતામાતા પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા તે રજનીદિન નિરખે જોને.

આપણી કલ્પનામાં ન ઉતરે તેવી પૂ. માના જીવનની આ અણમોલ સિદ્ધિ છે. આકૃતિ સાથે પડછાયો રહે તેમ પૂ. માના પ્રકટ જીવન વ્યવહારમાં ગુરુદેવપ્રભુની પ્રચ્છન્ન છબિ ઉપસતી લાગે! ત્યાં સુધી કે પૂ. ગુરુદેવપ્રભુની કેટલીક લાક્ષણિકતાઓ તો પૂ. મામાં આબેહૂબ પ્રકટતી લાગે! કીટભ્રમર ન્યાયે પૂ. મા ગુરુદેવ પ્રભુમય બની ગયાં છે. પૂ. માનું પૌરુષ અને ખડતલતા એ પરમપુરુષની કૃપાની જાણે સાક્ષી પુરી રહ્યાં છે.

પૂ. માનું જીવનદર્શન આ કળિકાળમાં ખરેખર પડકાર સમું છે. આ કપરા કામમાં પણ પૂ. માએ જે આધ્યાત્મિક અવસ્થાની પ્રાપ્તિ કરી છે તે ખરેખર બેમિશાલ છે. એક તો આપણી જીવનદૃષ્ટિ છેક જ ઉપરછલી! આપણામાં કલ્પનાનું ઉંડાણ પણ નથી રહ્યું! કે જેથી એ કલ્પનાશક્તિના સહારે પૂર્ણજીવનની પરિસીમામાં પહોંચી શકીએ! પરમપુરુષાર્થ વડે પરમોચ્ચ અવસ્થાની

પ્રાપ્તિ શક્ય છે, તેનું પ્રત્યક્ષ ઉદાહરણ પૂ. માનું જીવન છે. જીવનમાં પરમસિદ્ધિના શિખરે બિરાજી શકાય છે અને તે અવસ્થા કેવી હોય તેના દર્શનનો આ લ્હાવો કંઇ વારંવાર આવી રીતે સહજ મળતો નથી. આપણા માટે પરમ અવસ્થાની પ્રાપ્તિ ભલે દૂર હોય, પરંતુ પૂ. મા જે પરમ અવસ્થાએ બિરાજ્યાં છે તે અવસ્થાનું દર્શન તો કરી લઇએ અને ખાત્રી ને વિશ્વાસ કરી લઇએ કે જીવનનો પરમવિકાસ શક્ય છે. પૂ. માનું લીલામય જીવન પરમાત્માના આ પરમવૈભવની ઝાંખી કરાવી રહ્યું છે. બીજું કંઇ ન કરીએ તો પણ દર્શનનો વૈભવ તો માણી લઇએ!

પૂ. માને આ આત્મિક વૈભવ કંઇ મફતમાં મળ્યો નથી. પૂ. માએ આ માટે પુરુષાર્થની જે કેડી કંડારી છે તે અજોડ છે. પરમપ્રાપ્તિ હમેશાં પરમ પુરુષાર્થ માગે છે, અને તે પુરુષાર્થના પડકારને પહોંચી વળવા મોતને મુઠ્ઠીમાં લઇને ફર્યાં છે અને આજે પણ ફરી રહ્યાં છે. પૂ. માના શ્રી વિગ્રહમાં ક્યારેય ષડ્‌રીપુઓનો દોરદમામ ચાલ્યો નથી ત્યાં હમેશાં આત્મિક શક્તિનું શાસન પ્રવર્તે છે, અતુલિત આત્મબળથી સહુને વશ કર્યા છે. ઇન્દ્રિયો સંપૂર્ણપણે આત્મિકસત્તાને વશવર્તી રહી છે.

બીજી વાત, પૂ. માને ગુરુહરિરૂપે પૂ. શ્રી મળી ગયા પછી બીજા કોઇ સ્વરૂપનું ચિંતન સહજ જ થયું નથી. પ્રભુનાં બધાં જ સ્વરૂપો એક ગુરુહરિમાંજ સમાઇ ગયાં છે. શ્રીગુરુચરણે સર્વસમર્પણ સહજ જ થઇ ગયું છે અને તેનો આનંદ પણ પૂ. માને ભારે છે, એક પળ પણ એ ગુરુપ્રાપ્તિના પરમગૌરવને વિસરી શકતાં નથી. આજના સત્સંગમાં પણ એજ ખુમારી અને ગૌરવનાં દર્શન થાય છે.

લઉં આધાર બીજાનો, કહોને દેવ શાને?<br>
તમારો સાથ છે મુજને, કરું આનંદ ના શાને!



સતાવે ક્લેશ ને ભય ના, રહે કોઇ સમસ્યા ના,<br>
ધરાયે ધ્યાન કોનું, મન મળ્યું જ્યાં તમારા ધ્યાને,<br>
તમારી હૂંફ છે પૂરી, નથી શક્તિ પણ અધૂરી,<br>
પછી કંગાલિયતના ગીતગાતાં હું મરું શાને?

શ્રી ગુરુદેવપ્રભુનો આવો પરમસાથ પૂ. માને મળ્યો છે તેની કૃતાર્થતા પૂ. માના જીવનમાં સહજ જ વ્યક્ત થયા કરે છે. આ કૃતાર્થતાનો અનુભવ આપણે અત્યારના સત્સંગમાં પણ કરી રહ્યા છીએ.

આજના સત્સંગમાં પૂ. માએ જે આત્મિક અનુભૂતિનું ગાન કર્યું તેમાં ગુરુદેવપ્રભુ અપ્રકટ રહીને પણ પૂ. માના પ્રત્યક્ષ જીવનમાં કેવી અદ્‌ભુત પ્રકટ લીલા કરી રહ્યા છે તેનું વિરલ દર્શન થયું. અલબત્ત એ માતૃહૃદય જ પરમાત્માનું પરમપ્રેમ પ્લાવિત, પરમપવિત્ર પરમધામ છે. તેમાં વસવાની કોને ઇચ્છા નહીં થાય? આપણને પણ એ માતૃહૃદયના એકાદખૂણે વસવાનું સ્થાન મળી જાય તો કેવું સારું! આવું સૌભાગ્ય પ્રાપ્ત કરવા પરમપુરુષાર્થ કરવામાં શા માટે પાછું વળીને જોવું જોઇએ?

કેવો યોગાનુયોગ છે! સુખશાંતિનું મંગલમય માતૃધામ પાસે જ છે. ચાલોને 'મા'મય બની જઇએ! બસ, આપણું હૈયું એ માતૃગુંજનની વીણા બની જાય! એ મંગલમય માતૃનામમાં લીન બની જાય!

મંગલ મુક્તાફલ આ એવું,<br>
સંત અને શ્રુતિએ પણ સેવ્યું,<br>
આપે અમૃતપદ આ નામ,<br>
લેજે હૈયે રાખી હામ.

## * રે ! આજ બધું યે *

રે ! આજ બધું યે અવળુંસવળું લાગે !
કાળ–પ્રભુની બલિહારી કે
શું માનવ બદલાયો ?
કુન્દન વેચી કથીર કમાયો !
ભ્રમણામાં ભરમાયો ?
જીવતર કેરું જંતર–અન્તર
સાવ બસૂરું વાગે રે ! આજ૦
ધ્રુવ–વિહોણી ચાકણ–યાત્રા,
દોરે અન્ધને અંધો,
ભાવુક ભોટ, સફાઇ–ચાતુરી
મલાઇ ચાટે ખંધો;
ભવની ભવાઇમાં અટવાઇ
ગાતો ગર્દભ–રાગે. રે ! આજ૦
ખૂદ–વફાઇ ગઇ, સવાઇ
અહંકારની લીલા !
આભડછેટ શી આભિજાત્યની !
અવળચંડઇના ચીલા !
માનવ–સંઘ કવણ દિશ પળતો ?
ચોટ મર્મની વાગે. રે ! આજ૦

ડો. રણજિત પટેલ (અનામી)



## * પ્રભુથી કરવી પ્રીત *

(ગાન)

પ્રભુથી કરવી પ્રીત,
થઇ જાય તો જીત,
યોગેશ્વરનું સ્મરણ જીવનમાં,
કરવું હો નિતનિત,
એની કૃપા ને આશીષથી બસ,
આનંદ હો નવનીત.
જીવનધન છે એ ય અનેરું,
સચ્ચિદાનંદ અમિત,
ક્ષરની વાતો છોડીને લે,
ચિરંજીવ નિશ્ચિત.
એ સાચું નવનીત
પ્રભુથી કરવી પ્રીત
કરવું સૌનું હિત
થઇ જાય તો જીત.

ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

# ઈશ્વર સત્યમય છે

યોગેશ્વર

ગાંધીજી પોતાના જીવનમાં સત્યની ઉપાસના ડગલે ને પગલે કરતા. તેમનું આખું જીવન સત્યમય હતું. અથવા એમ કહો કે સત્ય તેમના જીવનમાં તાણાં અને વાણાની પેઠે વણાઈ ગયું હતું. સત્યને તથા સત્યમય જીવનને તે બહુ જ મહત્ત્વનું માનતા, એ વાતની પ્રતીતિ તેમના જીવનના કેટલાય પ્રસંગો પરથી સહેજે થઈ રહે છે. સત્ય પ્રત્યેના એ પરમપ્રેમથી પ્રેરાઈને જ પોતાની આત્મકથાને તેમણે બીજું કોઈ નામ આપવાને બદલે 'સત્યના પ્રયોગો' એવું ભાવવાહી અને સારગ્રાહી નામ આપેલું.

તે કહેતા કે મારે મન સત્ય એ જ ઈશ્વર છે, ને સત્યથી જુદા કોઈ બીજા ઈશ્વરને હું જાણતો નથી. તેમનું એ કથન અનુભવના પરમ નીચોડરૂપ તથા ઉત્તમોત્તમ આધ્યાત્મિક રહસ્યથી ભરપૂર હતું અને છે તેની ના નહિ. પરંતુ બહુ ઓછા માણસો તેના મર્મને સારી પેઠે સમજે છે, એ પણ એટલું જ સાચું છે. એટલે તે વિશે થોડોઘણો વિચાર કરીએ તો તે અસ્થાને નહિ ગણાય, અને વત્તે ઓછે અંશે ઉપયોગી પણ થઈ પડશે.

મોટાભાગના માણસો એમ માનતા લાગે છે કે સત્ય અને ઈશ્વર એક છે, એમ કહીને ગાંધીજીએ સદા સાચું બોલવાનું કહ્યું છે, તથા સાચું બોલે તેણે ઈશ્વરને ઓળખી લીધા એમ માન્યું છે. પણ તે માન્યતા બરાબર નથી. એટલે કે અધૂરી છે. ગાંધીજીએ સાચું બોલવાનો ઉપદેશ અવશ્ય આપ્યો છે, અને તેથી ઈશ્વરને ઓળખી શકાય છે તથા ઈશ્વરને ઓળખવામાં મદદ મળે છે એમ



પણ કહ્યું છે; પરંતુ સાચું બોલવું અને ઈશ્વરને ઓળખવું બંને એક છે એવું નથી કહ્યું. જો તેમનું કહેવું ને માનવું ખરેખર એવું જ હોત તો તે કદી એમ ના કહેત કે મારાં બધાં કર્મો ઈશ્વરના સાક્ષાત્કારને માટે છે. કેમકે તેઓ જીવનમાં બહુ પહેલેથી, જીવનના લગભગ પ્રારંભકાળથી જ સાચું બોલતા હતા. એટલે ઈશ્વરના સાક્ષાત્કારને માટે તેમને કોઈ પ્રયાસ ના કરવો પડત.

તો પછી સત્ય અને ઈશ્વર એક જ છે, અથવા તો ઈશ્વર સત્યમય છે, એવા એમના કથનનો સાચો સાર કે અર્થ શો હોઈ શકે? એ વિશે વિચાર કરી લઈએ.

આપણે જાણીએ છીએ કે સંસારના સઘળા પદાર્થો પરિવર્તનશીલ છે. એકસરખા સ્વરૂપમાં તથા અમુક એક જ અવસ્થામાં તે કાયમને માટે નથી રહેતા અથવા કહો કે નથી રહી શકતા. કુદરતનો કાનૂન જ એવો છે કે આ સંસારમાં સતત ફેરફાર થયા જ કરે છે. જે જન્મે છે તે વધે છે, ઘટે છે, વિકાર કે વિકૃતિને વશ થાય છે, ને છેવટે શાંત કે અદૃશ્ય અથવા ક્ષીણ થાય છે, કે મૃત્યુ પામે છે. આરંભ ને અંતનું એ ચક્ર સંસારમાં અવિરત રીતે ચાલ્યા જ કરે છે. માટે જ સંસારના બધા પદાર્થોને ક્ષણભંગુર કહેવામાં આવે છે.

પરંતુ સંતો ને શાસ્ત્રો કહે છે બહારથી ક્ષણભંગુર, પરિવર્તનશીલ કે નાશવંત દેખાતા આ સંસારમાં સઘળા પદાર્થોમાં એક અવિનાશી, અમર અને અપરિવર્તનશીલ તત્ત્વ વસી રહ્યું છે; એક કાયમી ચેતના કે શક્તિ રમી રહી છે; ને તે તત્ત્વ કે શક્તિને લીધે જ પદાર્થો પ્રકટે છે અથવા અસ્તિત્વમાં આવે છે, અને જીવન મેળવે છે. તેને આત્મા, પરમાત્મા, બ્રહ્મ કે ઈશ્વર પણ કહેવામાં આવે છે. તેનો કોઈ કાળે કે ઉપાયે નાશ નથી થઈ શકતો. બહારનું

શરીર કે માળખું બદલાય છે પણ તે તો એવું જ એકસરખું રહે છે. તે કદી પણ મિથ્યા થઇ શકતું નથી. માટે જ તેને પરમ સત્ય પણ કહેવામાં આવે છે. સંસારના પદાર્થો અસત્ય જેવા છે. તે આજે છે અને કાલે નથી. પણ એ તત્ત્વ–પરમાત્મતત્ત્વ અનાદિ ને અનંત છે.

વૈદિક ઋષિઓએ પરમસત્યરૂપી પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હતો, ને તેના સાક્ષાત્કારની સાધનાનો આશ્રય પણ લીધો હતો. એ પરમસત્ય જ ઈશ્વર છે એમ તે માનતા હતા. તેથી જ તેમણે લખ્યું છે કે 'સત્યં પરં ધીમહિ' એટલે કે અમે પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ. ઉપનિષદવચનમાં ઋષિ કહી રહ્યા છે કે, 'સદૈવ સૌમ્ય ઇદમગ્ર આસીત્' એટલે કે સૌથી પહેલાં, સર્જનની શરૂઆતમાં આ સત્યનું જ અથવા તો સત્યરૂપી પરમાત્માનું જ અસ્તિત્વ હતું. શ્રી આદ્યશંકરાચાર્ય પણ એના જ અનુસંધાનમાં કહે છે કે પરમાત્મા સત્યસ્વરૂપ છે. 'બ્રહ્મ સત્યમ્'

એ વિચારસરણિના અનુસંધાનમાં ગાંધીજીના કથનને વિચારવાથી 'ઈશ્વર સત્યમય છે' એ શબ્દોનો ભાવાર્થ સહેજે ને સંપૂર્ણપણે સમજી શકાય છે.

તો પછી સાચું બોલવાનું મહત્ત્વ ખરું કે નહિ? એનો ઉત્તર સ્પષ્ટ જ છે. સત્યરૂપી પરમાત્માનો સાક્ષાત્કાર અસત્ય, છળ કે કપટથી ના જ થઇ શકે. એટલે જીવનને સત્યમય કર્યે જ છૂટકો છે. સાચું બોલવાનું મહત્ત્વ તો છે જ, પરંતુ સાચું વિચારવાનું, અમલમાં મૂકવાનું, તથા સત્યને વળગી રહેવાનું પણ એટલું જ અગત્યનું છે. તેથી પોતાને તો મદદ મળે જ છે. પણ વધુમાં ઘર, કુટુંબ કે સમાજમાં પ્રેમ, વિશ્વાસ અને વફાદારીનું વાતાવરણ તૈયાર થાય છે. એટલે એની ઉપયોગિતા ઘણી છે.



એક બીજી વાત. જે સત્યની ઉપાસના કરે છે તે જેમ સાચું બોલે, વિચારે, ને સત્યને પડખે ઊભો રહીને વર્તન સંસારમાં કરે છે, તેમ સઘળે એ સત્યરૂપી ઈશ્વરનું દર્શન કરવાની ટેવ પણ પાડે છે. તેને લીધે તે સૌ પ્રત્યે સ્નેહ અને સમતા રાખે છે, સૌના સુખમાં રાજી રહે છે, અને સૌની સેવા કરવા તૈયાર રહે છે. તે કોઇનું અમંગલ નથી ઇચ્છતો, તેમ જ કોઇને નુકશાન પણ નથી કરી શકતો. સત્યની ઉપાસનામાંથી એ રીતે અહિંસાની ભાવના આપોઆપ ઉત્પન્ન થાય છે ને જીવનને ધન્ય કરે છે. સત્ય અને અહિંસા એ રીતે પરસ્પર સંકળાયેલાં ને એક સિક્કાનાં બે પાસાં જીવનમાં પ્રગટે તો જીવન ખરેખર કૃતાર્થ થાય.

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS : 10001

ઓ. : ૨૩૫૯૮
૩૪૦૧૬
ફે. : ૮૨૪૩૭
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હૉ. પા.
–: બનાવનાર :–
**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૨

# પૂ. મા સાથેની પ્રશ્નોત્તરી

સંકલન : એક જીજ્ઞાસુ શ્રેયાર્થી

[પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તા. ૧૮–૫–૯૨ ના રોજ હરિદ્વાર ખાતેના આર્યનિવાસમાં બિરાજતાં હતાં. તે રાત્રે યુવાનો સાથે થયેલી પ્રશ્નોત્તરીનો થોડો ભાગ અહીં પ્રસ્તુત કરેલ છે. –તંત્રી]

**એક બહેન :** માળા કરતી વખતે મન સ્થિર નથી રહેતું.

**પૂ. મા :** માળા વખતે જ બીજે જાય? અને ટી. વી. જોતી વખતે? ચિત્રહાર કે ગાયનો સાંભળતાં ના જાય?

ચિત્રાહારમાં જેમ મન સ્થિર થઇ જાય, તેમ માળામાં સ્થિર થતું નથી. બરાબર બે બેનપણીઓ જ્યારે વાત કરવા બેઠી હોય, એમાં જેવું ચિત્ત સ્થિર થાય તેવું માળામાં થતું નથી. ખરી વાત. કેમ? બેનપણી સાથે વાતો કરો તેમાં અને ચિત્રહાર જુઓ તેમાં આપણને વધારે રસ પડે છે. આપણી મનની પસંદગીનો વિષય મળે એટલે આપણે સ્થિર થઇ જઇએ, અને મનને પરાણે માળામાં પરોવીએ એટલે મન કૂદાકૂદ કરે છે.

"ચંચલ મન નિશદિન ભટકત હૈ,
એ જી ભટકત હૈ ભટકાવત હૈ." (સ્વામી બ્રહ્માનંદ)

વાંદરા એક ડાળ પરથી બીજી ડાળ પર કૂદકા મારે, તેમ મન એક વિચાર પરથી બીજા વિચાર પર સતત કૂદકા માર્યા જ કરતું હોય છે. એને સ્થિર કરવા માટે માળાનો આધાર લો. મણકાના આધારથી એ યાદ તો રહેશે કે આ મણકો ફરે છે. એટલે આપણે પાછા, ફરતા હોઇએ ત્યાં આવી જઇએ. નથી ચિત્ત સ્થિર રહેતું



તો સ્થિર રાખવા માટે મનને જુદો જુદો ખોરાક આપો. કેમ? ભજનથી સ્થિર થતું હોય તો ભજન ગાવ. મંત્રને રાગમાં ગાવ. કયો મંત્ર જપો છો?

**પ્રશ્નકર્તા બેન :** 'ૐ મા.'

**પૂ. મા :** 'ૐ મા' ને રાગમાં ગોઠવી દેવાનો. જુદા જુદા રાગમાં. ધારો કે કશે આરતી ગવાતી હોય તો આપણે આરતીના રાગમાં 'ૐ મા' ચાલુ કરી દેવાનું. આરતી આવડે કે ના આવડે 'જય જગદીશ હરે'ની આરતી હોય તો આપણે એ આપણા મંત્રને ચાલુ કરી દેવાનો તેની અંદર! તો પછી મન સ્થિર થઇ જશે. સિનેમાનું કોઇ ગાયન હોય, એમાં પણ આપણો મંત્ર જોડી દેવનો. (પૂ. મા 'ૐ મા' મંત્રને આરતીના રાગ–ઢાળમાં સરસ રીતે ગાઇ બતાવે છે). બોલો! સ્થિર થઇ જાય, રાગમાં ગાઇએ તો. (પૂ. મા ખૂબજ ઝડપથી ૐ મા, ૐ મા, ૐ મા... ઝડપથી ફટાફટ બોલે છે) તો કોણ જાણે ક્યાં ક્યાં મંત્ર જાય આપણું મન, મુંબઇ ને કલકત્તા ને ભલભલી દિશામાં ભટકી આવે. એના કરતાં રાગમાં ગાઇએ તો મનને પણ એક તાલથી આનંદ આવતો હોય. કાલથી એવા પ્રયત્ન કરજો, આવા કોઇપણ રાગમાં ગાવાનો. જે રાગ આપણને બહુ ગમતો હોય એ રાગમાં મંત્રને ગોઠવી દેવાનો. (પૂ. મા ૐ મા મંત્રને રઘુપતિ રાઘવ રાજા રામ વાળી ધૂનના ઢાળમાં ગાઇ બતાવે છે) કોઇ પણ રાગ આવે. સ...મ...જા...યુ? હા...જી! કાલે પ્રયોગ કરજો, પછી કહેજો કે ચિત્ત સ્થિર થયું કે નહીં! ભાઇ, સંજયને (રાજકોટ) કોઇ પ્રશ્ન છે?

**સંજય :** મગજમાં આવશે તો પૂછીશ.

**પૂ. મા :** ભલે, મગજમાં આવે, ચિત્તમાં આવે, વાણીમાં આવે તો પૂછવું.

**પ્રશ્ન :** મા, છોકરાઓને માથે હાથ મૂકો તે કેવા ભાવથી મૂકો?

**પૂ. મા :** વાત્સલ્યભાવથી.

**પ્રશ્નકર્તા :** તે વખતે કોઇ સંકલ્પ કે કાંઇ એવું ખરૂ?

**પૂ. મા :** કાંઇ જ નહીં. પરંતુ વહાલ વરસાવીએ. વહાલથી જ ભલભલા વહેણને પલટાવી શકાય. કોઇપણ ચોરમાં ચોર માણસ હોય, લૂંટારો, ગૂંડામાં ગૂંડો, તેને પણ વહાલ ધર્યું હોય તો તે વળી જશે. જેમ કહેશે તેમ કરશે. આપણે બ્યાંસી (ઋષિકેશથી દેવપ્રયાગના રાજમાર્ગ પર વચ્ચે આવતું એવું એક ઠીક મોટું, પહાડી ગામોની દૃષ્ટિએ મોટું તેવું વિશ્રામસ્થળ)માં ઉભેલા, ત્યાં પેલો એક હાથવાળો કોઇ ડ્રાઇવરની પાસે મીલીટરીવાળો જે બેઠેલો તેનો હાથ નહોતો... કે પગનો પાટો હતો? તો તેને જોઇ મને એમ થયું કે લાવ, એને જઇને પૂછું કે 'બેટા શું થયું?' એમ આ મીલીટરીમાં કોઇ એને 'બેટા' કહીને નહીં બોલાવતું હોય; કારણ કે એનો પગ સારો થઇ જાય પછી જ ઘેર જતો હશે ને! એટલે વહાલથી ઘણા બધાં કામ થાય. એટલે વહાલથી માથા પર હાથ ફેરવું. એવા ભાવ સાથે પણ ફેરવું કે આ આવતો રહે અહીં, અને આવતો રહે તો તમારા લાભમાં જ છે. આમ સહજરીતે, જાણે અજાણ્યે, વાત્સલ્યભાવ. પણ એ ભાવમાં પણ ભીનાશ હોય, એ ભાવમાં પણ પ્રાર્થના સહજ રીતે જાણે અજાણ્યે થઇ જતી હોય. ચોટલી પકડતા હોય તો એમાં પણ સંકલ્પ હોય કેમ? કે ચોટલી કપાવી ના નાંખે. હાથમાં જ રાખે માના!

**પ્રશ્ન :** માળા વખતે ગોમુખી કેમ રખાતી હશે?

**પૂ. મા :** ગાય પવિત્ર ગણવામાં આવી છે. એમ કહેવાય છે



કે ગાયમાં બધા દેવતાઓ વાસ કરે છે, નિર્દોષ પ્રાણી છે. ગાયનું દૂધ પણ પચવામાં હલકું. ગાયનું ઘી પણ ઘણી ઔષધિ તરીકે કામ આવે; એવી ગાયનું મુખ એટલે ગોમુખી. આપણે જે માળા કરીએ તે આ અહીંયાથી કરીએને! અહીંથી બંધ થઇ જાય (પૂ. મા હાથની માળા જપવાની અંગૂલીઓ બનાવી ગોઠવીને કહે છે.) એટલે ગાયના મોઢા જેવી એમાં આકૃતિ થાય. એટલે પેલું ચિત્ત ના જાય; પેલા મુખ્ય મણકા સુધી; કે એક થઇ કે બે થઇ કે પાંચ થઇ કે પંદર થઇ; પેલું અંદર જ બંધ હોય (ગોમુખીમાં) એટલે ચિત્ત થોડીકવાર તો સ્થિર થાય. ને ગોમુખી ના રાખો ને મનની માળા ફેરવો તો પણ શું? મનની માળા ફેરવતા પહેલાં કંઇકને કંઇક સાધન જોઇશે. પી. એચ. ડી. થતાં પહેલાં એકડે એક ભણવા માટે સ્લેટ (પાટી) જોઇશે. સરસ ચાલવા માટે પહેલી ચાલણગાડી જોઇશે. પછી એ છોડી દેવાની. તેમ ગોમુખી પણ જશે. માળા પણ છૂટી જશે. પછી મનની માળા ચાલશે. મનથી સતત ઈશ્વરનું અનુસંધાન ચાલ્યા કરશે. તો પછી સ્થૂલ માળાની જરૂર ના પડે! કરો છો માળા?

**પ્રશ્નકર્તા :** જપ?

**પૂ. મા :** હા, જપ.

**પ્રશ્નકર્તા :** જપ લખું છું.

**પૂ. મા :** લખવું. જેનાથી મન સ્થિર થાય તે કામ કરવું. સાત્ત્વિક પ્રવૃત્તિમાં મન સ્થિર થાય.

**એક બેન :** મને માળા કરવાનું નથી ગમતું. કોઇ કરે તો પણ મને ચીડ ચડે છે. (હસાહસ).

**પૂ. મા :** તે તો સારૂ કહેવાય! ભજન ગાવાનું ગમે છે ને?

તો આપણે માટે એ સાધન બરાબર છે. જેને માળા ગમે છે તેને કરવા દો. આપણે શું? અને જેને માળા નથી ગમતી, તે ભજન ગાય, ધૂન ગાય, સારૂં વાંચે. તમે અહીંજ બેઠાં છો જપ કરવા; બરાબર, અને કોઇ દાદર પરથી પડી ગયું, તો તું ઉભી થઇને તેને ઊંચકીને હોસ્પિટલમાં જઇ જશે, તો એ માળાના સત્કર્મનું જે ફળ મળે, તેનાથી અનેકગણું ફળ તેનાથી મળશે. સારૂં કામ કરવું એ પણ માળા જ છે. પ્રાર્થના કરવી. પ્રાર્થના કરે છે? સારા બનાવો, પ્રભુ! સારાં કામ કરાવો, સારૂં સાંભળવા મળે, સારૂં બોલાય, એવી પ્રાર્થના કરો. એ માળા જ છે. સરસ પ્રશ્ન પૂછ્યો.

**સંજય :** મા, અભિમાન બહુ નડે તો શું કરવું?

**પૂ. મા :** ખીસ્સુ... (હસાહસ)... (આગલે દિવસે શ્રી ભીખુદાન ગઢવીએ પોતાના વક્તવ્યમાં કહેલું કે માનવ જન્મીને પ્રથમ કપડું (છઠીયું) પહેરે છે તેનેય ખીસ્સુ નથી હોતું ને મરણ બાદ જે ખાંપણમાં વસ્ત્ર વપરાય છે તેને પણ ખિસ્સુ નથી હોતું. આ ખિસ્સુ એ તો આ વચગાળાની જ પીંજણ છે. સરસ ભીખુદાને વાત કરી. શાનો અહંકાર થાય ભાઇ? મને પણ થાય કે અહો, મારા જેવા સફેદ કપડાં કોઇનાં નથી. પણ પેલા દમયંતીબેનને જોઉં એટલે એમ થાય કે (મારા) ઝાંખા છે. બેસ! તારા કરતા એ ઉજળાં છે. તો દમયંતીબેનને એવું થાય તો પાછું એમ થાય કે પેલા ટીનોપોલની જાહેરાતમાં આવે છે, તે વળી વધારે ઉજળાં છે. તો બેસ, તારૂં ઝાંખુ છે કપડું. એટલે શાનો અહંકાર!... વિચાર કરો. ભણતરનો હોય તો આપણાથી અનેકગણા ખૂબ ભણ્યાં હોય, તો તેને યાદ કરો. દેખાવનો હોય તો આપણા કરતાં અનેક ઘણા દેખાવડાંઓ છે. પૈસાનો હોય તો આપણા કરતાં અનેક ઘણા પૈસાદારો છે. ગાડીનો હોય તો આપણા કતાં અનેક જાતની



ગાડીઓ અનેક પાસે છે. બંગલાનો હોય તો અનેક બંગલાઓ ઘણા પાસે છે. આપણે તો બહુ નાના છીએ.

**સંજય :** મા, શેનો છે તે જ ખબર પડતી નથી.

**પૂ. મા :** હા, મિથ્યા અહંકાર! કશાનો ના હોય તો તેનો અહંકાર. કંઇ નથી તેનો અહંકાર! નમે તે ગમે! બરાબર!

**પ્રશ્ન (એક ભાઇ) :** પિતૃઆજ્ઞા ને ગુરુઆજ્ઞા તદ્દન વિરોધાભાસી હોય તો કોનું પાલન કરવું?

**પૂ. મા :** તમે કોને દેવ માનો છો એના પર આધાર રાખે છે. જો પિતા આત્મિક કલ્યાણમાં રોકતા હોય તો પછી ગૌણ ગણવા જોઇએ. પ્રહ્‌લાદ કે ધ્રુવની જેમ ગૌણ ગણીને નીકળી ગયા તેમ.

**પ્રશ્ન (નિલેશભાઇ) :** વૈશ્વિક શાંતિ માટે આપણે વધારે શું કરવું જોઇએ? સમગ્ર વિશ્વની શાંતિ સ્થપાય તે માટે આપણે વધારે શું કરી શકીએ?

**પૂ. મા :** આપણે શું કરવું જોઇએ? સૌથી પહેલાં શાંતિથી સંપન્ન આપણે જ બનવું જોઇએ, ભાઇ! તો જ વહેંચાય ને! જે વસ્તુ આપણી પાસે હોય, એ જ અપાય. આખા વિશ્વને પૈસાદાર કરવું હોય તો આપણે સૌ પ્રથમ પૈસાદાર થવું પડે, પછી બધાયને વહેંચવા નીકળાય. પણ આપણી પાસે જ ન હોય તો શું વહેંચવાના? બરાબર! એટલે, શાંતિથી મૂડી ભેગી કરો અને પછી વહેંચો.

ફૂલ ખીલશે એટલે આપોઆપ મધમાખી આવશે. જાણ્યું કે નિલેશે એક છાશનું કેન્દ્ર ખોલ્યું છે તો બોર્ડ ના મારવાં પડે, પેપરમાં જાહેરાત ના કરવી પડે, ટી. વી. પર ના આપવું પડે, રેડિયો પર ના આપવું પડે. એકબીજાને, એકબીજાને સંદેશો

પહોંચી જશે કે નિલેશને ઘેર છાશ મળે છે, બપોરે, બારથી બે. પણ આપણે ઘેર છાશ બનાવવી પડશે ને? આપણી પાસે હશે તો આપણે આપશું ને? એટલે છાશ ઘરમાં ભરો પછી વહેંચો બધાને! કેમ? એટલે ટાઢક વળે, કે હા...શ, નિલેશનું ભલું થજો. એટલે આપણે સંપન્ન થાવ પહેલાં, પછી વહેંચવા માંડો. આપણે જ અશાંત, ગમે ત્યાં ફરતા હોઇએ, તો કોને શાંતિ આપવાના? ઉલ્ટા અશાંતિ ઉભી કરીએ ઘણીવાર! આપણી અશાંતિ બીજાને પણ અશાંત કરતી હોય છે. એટલે સૌથી પહેલાં આપણે શાંતિથી સંપન્ન બનવું પડે. (ક્રમશઃ)

## લવાજમ મોકલાવો

અધ્યાત્મ માસિકનું વર્ષ ઓક્ટોબર માસથી શરૂ થાય છે. એટલે સપ્ટેમ્બર–૯૪ માં અધ્યાત્મ માસિક તેના પંદર વર્ષ પૂરાં કરી સોળમા વર્ષમાં પ્રવેશ કરે છે. આથી જે ભાઇઓ વર્ષની શરૂઆતથી અગાઉ વાર્ષિક ગ્રાહક બન્યા હોય. તેઓએ તેઓને નવા વર્ષનું વાર્ષિક લવાજમ રૂા. ૧૫ મનીઓર્ડરથી તા. ૧૦–૧૦–૯૪ સુધીમાં મોકલાવી આપવા વિનંતિ છે.

મોરબી, વડોદરા, અમદાવાદ, મુંબઇ વગેરે કેન્દ્રોને પોતાના વાર્ષિક ગ્રાહકોની યાદી વેળાસર મોકલાવી આપવા વિનંતિ છે, જેથી છેલ્લી ઘડીએ કામનો બોજો એક સાથે ન આવી પડે.

પરદેશના વાર્ષિક ગ્રાહકોને પણ પોતાનાં વાર્ષિક લવાજમો સમયસર મોકલાવવા વિનંતિ છે.

— તંત્રી



# સુખ શાંતિના ઉપાય

શંકર મહારાજ

(મહારાષ્ટ્રના પૂના–સતારા રોડ પર આવેલા પદ્માવતી નામના ગામમાં જેમની સમાધિ છે તેવા એક સમર્થ સિદ્ધ રાજયોગી શ્રી 'શંકર મહારાજ' જેમણે ૧૯૪૮ માં લગભગ ૧૪૦ વરસની વયે દેહ છોડયો હશે એમ મનાય છે. તે શ્રી શંકર મહારાજ સાથે થયેલ પ્રશ્નોત્તરી તેમના એક શિષ્ય શ્રી જી. કે. પ્રધાનનાં "હિમ-ગીરી શિખરોનો આધ્યાત્મિક સાદ" નામના પુસ્તકમાંથી લેવામાં આવેલ છે. જે અધ્યાત્મમાર્ગના–ખાસ કરીને વિચારમાર્ગના પ્રવાસીઓ કે સાધકો છે. તેઓને ઉપયોગી હોવાથી રજુ કરવામાં આવેલ છે. —તંત્રી)

**જિજ્ઞાસુ :** સુખ અને શાંતિ મેળવવાનો સૌથી સરળ ઉપાય શો?

**મહારાજ :** આપણે સૌ જીવનમાં શાંતિ અને સુખ પ્રાપ્ત કરવા જુદી જુદી રીતે મથીએ છીએ; પણ મુશ્કેલી એ છે કે શાંતિ એટલે શું અને સુખ એટલે શું તે બાબતનો ગંભીરપણે વિચાર કરતા નથી. શાંતિ અને સુખ એ આપણા જીવનનાં ધ્યેય હોય તો, કેવળ શાબ્દિક સ્તરે નહીં; પરંતુ ગંભીરપણે વિચાર કરીને આપણે તે બંનેને સંપૂર્ણ સમજવાનો પ્રયાસ કરવો જોઇએ. ઊંડાણથી વિચારીએ તો જણાશે કે જેને આપણે સુખ અને શાંતિની પ્રાપ્તિ કહીએ છીએ તે ખરેખર તો આપણા સુખ અને તેમાંથી મળતી શાંતિની આડે આવતા અંતરાયો દૂર કરવાની ઇચ્છા જ છે. જો

એ અંતરાયો ઉભા થતા જ એટકાવી શકાય અગર ટાળી શકાય, અથવા તો તેનો ઈલાજ થઈ શકે, તો પછી સુખ અને શાંતિ તો છે જ, એ ક્યાંયથી લાવવાનાં કે મેળવવાનાં નથી.

હવે એ તમારે જાતે જ શોધવું રહ્યું કે તમારા પોતાના સુખ અને શાંતિ આડે કયા પ્રકારના અંતરાયો છે. તમને જણાશે કે તમારી પોતાની તૃષ્ણા, મહત્ત્વાકાંક્ષા, લોભ, મોહ ઈર્ષ્યા, અસૂયા વગેરે અંતરાયોએ જ તમારું જીવન દુઃખી અને અશાંત બનાવી મૂક્યું છે. તમને એ પણ પ્રતીતિ થશે કે એ અંતરાયો પણ તમારું પોતાનું જ સર્જન છે. એ સર્જન તમારા અમુક સમાજમાં રહેવાને કારણે હોય, અગર જીવન અમુક પ્રકારે જીવાતું હોય તેને કારણે હોય. અમુક ધર્મના અનુયાયી હોવાને કારણે હોય, અગર તમારા પોતાના કોઈ સિદ્ધાંતો કે માન્યતાઓને કારણે હોય. આનો અર્થ એ થયો કે આ બધું, તમારી જાતને કેટલાય કામળાઓમાં વીંટાળીને પછી તાજી હવા લેવાની ઇચ્છા કરવા જેવું છે. તમને પોતાને જ જણાશે કે આનો ઈલાજ તદ્દન સરળ છે. ઓઢણ ફેંકી દો એટલે તરત જ તાજી સ્વચ્છ હવા મળશે. પોતાનું નથી તે પોતાનું કરવાની કામના, પોતે નથી તેવા દેખાવાની મહત્ત્વાકાંક્ષા, પરિગ્રહવૃત્તિ, મમતા અને એકાધિકારની લાલસા. આ બધા તમારી જાતે ઓઢી રાખેલાં ઓઢણ તમે જાતે જ ફેંકી દઈ શકો છો. જીવનને ટકાવી રાખવા માટે આવશ્યક એવી જરૂરિયાતોની વાત જુદી છે, પરંતુ તે સિવાય, તમારા મન અને બુદ્ધિએ સર્જેલ અને અહંકારે પોષેલા કેટલાય હેતુઓની પ્રાપ્તિની પાછળ પડો છો એ જ તમારા જીવનમાં મોટી અશાંતિ ઉભી કરવા માટે મુખ્યત્વે જવાબદાર છે.



દુનિયામાં રહીએ તો દુનિયાની રીતે રહેવું પડે! એવી વાહિયાત દલીલ કેટલીક વાર થતી હોય છે. આ વાત તપાસીશું તો જણાશે કે આજની દુનિયા જાતજાતના સમાજો, ધર્મો, પંથો, સંપ્રદાયો, જ્ઞાતિઓ અને વાદોની બનેલી છે. દરેક જણ બીજાને એ ઠસાવવા મથે છે કે પોતે જે જીવનરાહ અનુસરે છે તે જ સારો, સાચો અને બીજાઓએ અનુસરવા યોગ્ય છે. પરિણામે નેતૃત્વ માટે કે અનુસરણ માટે, સત્તાપ્રાપ્તિ માટે કે સત્તા એકહથ્થુ કરવા માટે, વગેરે વગેરે કારણો કે હેતુઓ સિદ્ધ કરવા જીવનમાં એક સંઘર્ષ સતત ચાલ્યા કરે છે. તારી ચોમેર ફરતે ચાલુ આવા સંઘર્ષો વચ્ચે તમને સુખ ક્યાંથી સાંપડે? નિરવ શાંતિ જોઈતી હોય તો તે કાંઇ બજારમાં, જ્યાં જાતજાતની પ્રવૃત્તિઓ અને ઘોંઘાટ ચાલતા હોય ત્યાં, થોડી મળે? અહીં બેઠેલા તમે બધા, એકબીજાને શાંત રહેવાનું કહેવા માટે ઘાંટા પાડવા લાગો તો ભલા શાંતિ મળે ખરી? દેખીતું છે કે એમ કરો તો શાંતિથી સાંભળવા ન જ મળે. ખરેખર કરવાનું માત્ર એટલું જ છે કે દરેક જણ પોતે તદ્દન શાંત થઈ જાય, તો પળવારમાં આખાં હોલમાં નિરવ શાંતિ થઈ જશે. બરાબર એવી જ રીતે તમારા જીવનમાં અશાંતિ પેદા કરનારાં કારણો દૂર કરો કે ટાળો, એટલે પોતાની મેળે જ જીવન શાંત અને સુખી બનશે. બીજી કોઈ રીતે એ નહી બને.

હવે તમને સમજાયું હશે કે તમારા સુખ અને શાંતિની આડે આવનાર તમે પોતે જ છો; અને અશાંતિના પ્રશ્નને ગંભીરપણે સમજવા પ્રયત્ન કરશો તો તમારી અશાંતિ તમે પોતે જ દૂર કરી શકો તેમ છો. પરિણામે સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકો. બીજાઓની કે બહારની મદદથી આ પ્રશ્નનું નિરાકરણ શોધવાનો તમારો પ્રયાસ સમય અને શક્તિ બંનેનો દુર્વ્યય છે. એમ કરો છો

ત્યારે એક વસ્તુ તમે જે શોધી રહ્યા છો, જ્યાં તે નથી. શાસ્ત્રો કે પુસ્તકોનું વાંચન, અમુક ધર્મ કે સમુદાયનું અનુસરણ, એ બધું તમારો અહંકાર વધારશે અથવા તો તમારી માહિતીમાં થોડોક ઉમેરો કરશે. પણ એ બધું તમને તે વસ્તુ આપી શકશે નહીં, જે તમારી અંદર જ છે, અને જેને તમે નકામા તમારી બહાર શોધી રહ્યા છો. તમારા જીવનને તમે એવી રીતે ઘડયું છે કે સાચી રીતે અને મુક્ત રીતે વિચાર કરવાનું તમારે માટે મુશ્કેલ બની ગયું છે.

ધ્યાન દઈને સાંભળવું કેમ, એ પણ તમને નથી આવડતું એમ હું કહું તો કદાચ તમને ન પણ ગમે. તમે કહેશો કે 'અમે તો તમને ધ્યાન દઈને સાંભળી રહ્યા છીએ.' પણ જરા અંતર્મુખ થઈને નિરીક્ષણ કરો કે તમે સાંભળો છો ત્યારે સાથોસાથ તમારા મનમાં શું શું ચાલી રહ્યું છે? તમે પોતે બીજેથી મેળવેલું જ્ઞાન અને હું જે કહું છું તેમાં કેટલું સરખાપણું છે અથવા ક્યાં ક્યાં તફાવત છે તેના વિચારો ચાલે છે, વળી, બીજે ક્યાંય કાંઇ વાંચ્યું હોય તેને યાદ કરવાના પ્રયત્નો ચાલે છે. હું જે કહી રહ્યો છું, તે વિષે અને તેની સાથે જેને કશી લેવાદેવા નથી તેવી બાબતો વિષે પણ મનમાં વિચારો ચાલતા હોય છે. આટલી મોટી માનસિક પ્રક્રિયા, અને બધુ યાદ કરવાની મથામણ મનમાં ચાલતી રહે છે. એટલે એ સ્પષ્ટ સમજાય તેમ છે કે આટલી બધી શક્તિ ખર્ચાયા પછી, મને ધ્યાનથી સાંભળવાની, અને મારા કથનનું હાર્દ પકડવાની તમારા મનની શક્તિ બહુ ઓછી બાકી રહે. માટે, પૂરી એકાગ્રતા એટલે કે મનને તદ્દન શાંત અને ખાલી એટલે કે નિર્વિચાર કરીને સાંભળવું એ ધ્યાન દઈને સાંભળવાની સાચી રીત છે. એ રીતથી જ મને બરાબર સાચી રીતે, સમજી શકશો. મારી કહેલી કોઈપણ બાબતનો તરત ને તરત અભિપ્રાય



બાંધવામાં ન પડશો, કારણ કે તેમ કરવા જતાં, મને બરાબર સાંભળી નહી શકો; એટલું જ નહિ, પણ તમારી સમજણશક્તિ પણ વિક્ષુબ્ધ થઇ જશે. વળી તમે તમારો અને અહીં ભેગા થયેલા બધાનો સમય બરબાદ કરશો. એટલે મારી તમને સૌને વિનંતી છે કે એટલું બરાબર સમજજો કે તમારા પ્રશ્નોના ઉત્તર આપવા તથા તમારી મુશ્કેલીઓનું નિવારણ કરવા હું પ્રયાસ કરું છું. હું સાચું સમજાવવાનો પ્રયાસ કરું છું. તે સવળા અર્થમાં સમજવાનો સાચો પ્રયાસ થાય તો જ સત્ય પામી શકાય. કેવળ તાર્કિક બની, એક વકીલની પેઠે મારી ઉલટ તપાસ લેવાનો પણ પ્રયાસ ન કરશો. સત્ય સમજવું હશે તો એવું બધું તમારે ભૂલી જવું પડશે. વળી મને કે અહીં બેઠેલા સૌને તમારા જ્ઞાનથી કે બુદ્ધિપ્રતિભાથી પ્રભાવિત કરવાનો પ્રયાસ પણ ન કરશો, કારણ કે તેથી તો સમયનો દુર્વ્યય જ થશે. (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

## કેસેટો વેચાતી મળી શકશે

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનાં આધ્યાત્મિક ગીતો તથા ભજનોની પૂ. મા શ્રી સર્વેશ્વરીના મધુર કંઠે ગવાયેલ ૩૦ જેટલી ઓડિયો કેસેટો જે અત્યાર સુધીમાં વેચાણમાં મૂકાયેલ છે, તેના દસ–દસના સેટ વેચાતા મળી શકે છે. તે માટે નીચેના સરનામે સંપર્ક સાધવા વિનંતિ છેઃ–

શ્રી મધુભાઇ ભટ્ટ
૪૦૧ એ, યોગી એવેન્યુ, યોગીનગર, એક્સર રોડ,
બોરીવલી વેસ્ટ, મુંબઇ–૪૦૦૦૯૧

દસ કેસેટના સેટની ઘટાડેલી કિંમત રૂ. ૧૬૦/– છે.

* * *

## ઓડિયો અને વિડિયો કેસેટો પરદેશમાં પણ મળી શકશે

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પ્રવચનોની ઓડિયો તેમ જ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના કાર્યક્રમો, વાર્તાલાપો તેમ જ ભજનોની વિડિયો તેમ જ ઓડિયો કેસેટો હવે પરદેશમાં પણ વેચાતી મળી શકે છે. તે માટેની જરૂરી માહિતી મેળવવા નીચેના સરનામે લખવા વિનંતી છે.

**VINOD K. PATEL**
8224, Kennedy Blvd, North Bergen
N. J. 07047 **U. S. A.**

આ ઉપરાંત ઉપર દર્શાવેલ બધી કેસેટો પણ મળી શકશે.



## નવરાત્રિમાં મૌન સાથેનો જપયજ્ઞ કાર્યક્રમ

ગયા વર્ષની જેમ આ વરસે પણ આસો નવરાત્રિમાં અંબાજી ખાતે મૌન સાથેનો જપયજ્ઞ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તેમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડશે.

આથી જે સાધક ભાઇ બહેનો તેમાં જોડાવા માંગતા હોય તેઓએ નીચેના સરનામે તા. ૩૦ સપ્ટેમ્બર–૯૪ સુધીમાં લખી જણાવવું:–

શ્રી બાલુભાઇ પટેલ
મેનેજર માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ, દાંતા રોડ,
અંબાજી–૩૮૫૧૧૦, જિ. બનાસકાંઠા

આ કાર્યક્રમનું સંચાલન, હરવખતની જેમ શ્રી અજય કલોલા કરશે. કાર્યક્રમમાં ભાગ લેવાની ફી સ્થળ ઉપર આપવાની રહેશે.

○


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

"સ્વર્ગારોહણ"

**માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ**

"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૯૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

### સાચા સંતો ખરે જ પ્રભુની જેમ

# અગ્રાહ્ય અને અકલ્પ્ય છે

નારાયણ હ. જાની

વિષ્ણુસહસ્રમાં ભગવાનનાં જે હજાર નામો છે, તેમાંનું એક નામ અગ્રાહ્ય દર્શાવેલું છે. એનો સીધો સાદો અર્થ એ છે કે પ્રભુને પકડી રાખી શકાતા નથી. તે ગમે ત્યારે ગમે તે રીતે સર્પની જેમ સહેલાઈથી છટકી જાય એવા હોય છે. ભગવાન કૃષ્ણની બાળલીલાઓમાં આપણને તેનું કેવું સરસ દર્શન થાય છે! લલિતા નામની એક ગોપીના હાથમાં ભગવાન માખણની ચોરી કરતાં રંગેહાથ પકડાઇ જાય છે. પહેલાં તો ભગવાન તેને વિનવે છે કે હે ગોપી તું મને છોડી દે. તું મા જશોદા પાસે મને લઇ જઈશ તો તેઓ મને વઢશે. કદાચ શિક્ષા પણ કરે." પરંતુ સદાય છટકી જનાર કનૈયો આજે તેના હાથે ઝડપાઇ ગયો, તેનું તેને અભિમાન થયું; અને તેણે બાળ કનૈયાની એકે વિનંતી ના સૂણી, એથી ઉલ્ટુ તેણે કનૈયાનું કાંડુ જોરથી પકડયું. પરંતુ આમ સહેલાઇથી પકડાઇ જાય તો એ ભગવાન શાના? તેમાંય જ્યાં જીવને જરા સરખો અહંભાવ થયો, અભિમાન આવ્યું કે તેને પછાડયો જ છે.

અહીં પણ આવું જ બન્યું. ભગવાનને પકડીને જતી ગોપીની સામે એક વૃદ્ધ વડીલ આવ્યા. એથી તેણે કનૈયાનો હાથ છોડી તે હાથે લાજ કાઢી ને પાછો હાથ પકડી લીધો. પરંતુ ભગવાન તો આવી તકની રાહ જ જોતા હતા. તેઓએ એક



ક્ષણમાં જ પોતાની સાથે ટોળામાં ચાલતા લલિતાના છોકરાનો જ હાથ તેના હાથમાં પકડાવી, સીધા ઘરે પહોંચી ગયા! અભિમાનથી મુસ્તાક ગોપીએ એ પણ જોવાની પરવા ના કરી કે તેણે ફરી પકડેલો હાથ કનૈયાનો છે કે કોઇ બીજાનો?

અને પછી તો જશોદા માતાના ઘરે જઇને લલિતા ગર્વભેર બોલી, "અમે તમારા કનૈયાની કનડગતની ફરિયાદો કરીએ છીએ, પરંતુ અમારી તે વાત કદી માનતાં નથી. પરંતુ આજે તો હું તમારા કનૈયાને મારા હાથમાં પકડીને લાવી છું. હવે તમારે અમારી વાત માનવી જ પડશે." એમ બોલી તેણે હાથ પકડેલ છોકરાને જશોદામા આગળ રજુ કર્યો, તો તેઓ હસીને બોલ્યાં, "અરે, તું આ કોને પકડી લાવી છે! આ તો તારો જ છોકરો છે. મારો કનૈયો તો ક્યારનોય ઘરમાં છે."

લલિતા આ જોઇને દિગ્મૂઢ બની ગઇ! તેને સમજાયું નહિ કે આ શી રીતે બન્યું? ત્યાં તો બાળ કનૈયાએ ઘરના દરવાજા પાછળથી પોતાનું મુખ બહાર કાઢ્યું. હવે તો ગોપીના આશ્ચર્યનો પાર ન રહ્યો; જ્યારે દરવાજાની પાછળ સંતાઇને ઉભેલો કનૈયો લુચ્ચાઇપૂર્વક હસી રહ્યો હતો. તેના હાસ્યમાં લલિતાને ઉપાલંભ હતો કે લે તારે મને પકડવો હતો ને! પરંતુ પકડાઉ એવો હું ક્યાં છું?

આનું નામ જ પ્રભુની અગ્રાહ્યતા.

તો સંતો પણ આવા જ. તા. ૨૦/૮ ના રોજ અમારે પૂ. મા સાથે સોમનાથની યાત્રાએ જવાનું થયું. ત્રીસેક ભાઇબહેનો હતાં. એક બસ અને બે ગાડીઓ હતી. તા. ૨૧ મીએ વેરાવળથી લગભગ બાર વાગે નીકળ્યા તો પૂ. મા શ્રી સર્વેશ્વરીએ સૂચના

આપેલી કે કોઇએ બસમાંથી ઉતરવું નહિ. અમે બસમાં બેઠેલાંઓને સામે ચાલીને દર્શન આપીશું. એટલે બેસી રહ્યાં. પૂ. મા જે ગાડીમાં બેસવાનાં હતાં તેમાં તકિયા વગેરે ગોઠવાઇ ગયા હતા. બધી જ તૈયારી સરસ રીતે શ્રી વિજયભાઇ કનેરિયા અને શ્રી ભગવાનજીભાઇ ભક્તે કરી દીધી હતી.

પૂ. મા તેઓના મુકામ પરથી નીચે આવ્યાં અને પોતાની ગાડીમાં બેસવાને બદલે સીધાં બસ ઉપર જ ગયાં. પૂ. માને બસમાં સામે ચાલીને દર્શન આપવા આવેલાં જોઇને, સહુ ખુશ-ખુશાલ થઇ ગયા. સહુના ચહેરાઓ ખીલી ઉઠયા. એક સાત્ત્વિક આનંદની લહરી બસમાં ફરી વળી. નીચે ઊભેલાઓને થયું કે પૂ. મા હમણાં પાછાં ફરશે. પરંતુ બન્યું કંઇક જુદુ જ. પૂ. મા બસમાં દરેક સીટ પાસેથી પસાર થતાં છેક છેલ્લી સીટ સુધી પહોંચી ગયાં! ત્યાં જગા ખાલી જોઇ એટલે બેસી ગયાં અને બસના કન્ડક્ટરને બસ ચલાવવા સૂચના આપી. જો કે તે પહેલાં જ શ્રી ભગવાનજીભાઇએ પોતે પૂ. મા માટે ટકિયા લઇને ના આવે ત્યાં સુધી બસ ઉપાડવી નહિ એવી સૂચના આપેલી. પરંતુ તે બિચારાને શું ખબર કે પૂ. મા કેવું તપ કરે છે, અને પોચા તકિયાઓ વગર બસની સખત સીટો ઉપર બેસી પ્રવાસ કરવાથી પૂ. માના શરીરને કેવી તકલીફ થાય છે? વળી પૂ. માએ જ આદેશ આપ્યો એટલે ડ્રાયવરે બસ ઉપાડી દીધી.

ત્યાં સુધીમાં શ્રી ભગવાનજીભાઇ તકિયા લઇને માણ બસ નજીક અડધે જ પહોંચેલા. ત્યાં તો બસ ઉપડી ગઇ! હવે શું કરે! તેઓને કન્ડક્ટર ઉપર ખૂબ ગુસ્સો ચઢયો. પરંતુ બીજો કોઇ ઉપાય ન હોવાથી ટકિયાઓ લઇ પાછા ફર્યા અને પૂ. માની બસ પાછળ ગાડી ચલાવરાવી. ક્યાં સુધી પૂ. મા એ બસમાં એમ બેસી



મુસાફરી કરશે, તેની કોઇ કલ્પના કોઇને પણ ક્યાંથી આવે? એટલે સહુ ચિન્તામાં હતા.

પંદરેક કિલોમીટરની મુસાફરી કરી પૂ. માવાળી બસ રસ્તાની એક બાજુ ઉપર ઊભી રહી ગઇ. ગાડીમાંથી સહુ દોડીને પૂ. મા પાસે આવ્યા. તો પૂ. માએ સૂચના આપી 'આ પાસેની વાડીમાં શેત્રંજીઓ પાથરી દો. આપણે થોડો સત્સંગ કરીએ પછી નાસ્તો કરી આગળ વધીશું.'

પૂ. માનું આ સૂચન સહુએ વધાવી લીધું. શેત્રંજી પાથરી સહુ ગોઠવાઇ ગયા. શ્રી કલ્યાણે પૂ. માની સરસ પ્રશસ્તિ કરી. તેમનો મહિમા સમજી તેઓનો વધુમાં વધુ લાભ લેવા સાધકોને અનુરોધ કર્યો. તો શ્રી નારાયણભાઇએ પૂ. માના આ વર્તનને પ્રભુની અગ્રાહ્ય લીલા સાથે સરખાવી. સંતોની સેવામાં રહેતા ભક્તોને કેટલીક વાર એવું લાગવા માંડે છે કે તેઓ સંતોને સાચવે છે. પરંતુ વાસ્તવિક રીતે એમ હોતું નથી. પૂ. માએ આજે ભક્તોને એ બતાવ્યું કે અમે તમારા સહુના આયોજન મુજબ જ ચાલનાર નથી. અમે એવા ચોકઠામાં બંધાઇએ એમ નથી. અમારી આગવી શૈલી છે. અમે સંપૂર્ણ સ્વતંત્ર અને મુક્ત છીએ. કશામાં અમે બંધાઇએ એમ નથી.

પૂ. માના આ વર્તનમાં આ વાતની શું પ્રતીતિ નથી થતી! સહુને થયું, વાહ મા વાહ!

પૂ. મા રાજકોટમાં શ્રી શાન્તિભાઇ કનેરિયાને ત્યાં એક દિવસ પહેલાં પધાર્યાં છે. આજે તા. ૨૦–૮–૯૪ નો દિવસ છે. રક્ષાબંધનનું પર્વ છે. પૂ. મા સાથે સોમનાથની યાત્રામાં જોડાવા ઉત્સુક ભાઇબહેનો પૂ. માની સન્મુખ બેઠેલાં છે. યાત્રીઓ માટેની

બસ આવી ગઇ છે. ત્રીસેક જેટલાં ભાઇબહેનો પ્રતીક્ષામાં છે કે પૂ. માએ જે રાખડીઓ મંગાવી છે, તે કોનાથી બાંધવાની શરૂઆત કરે છે!

દરેકને એમ છે કે પૂ. મા મને સહુ પ્રથમ રાખડી બાંધે તો કેવું સારું! ત્યારે પૂ. મા કંઇ કલ્પી ન શકાય એવું વિચારતાં કહે છે, "પેલા બસના ડ્રાયવર અને કંડક્ટરને ઉપર બોલાવો."

તુરત જ તેમને બોલાવવામાં આવે છે અને પૂ. મા પોતાના હાથે તેઓને રાખડીઓ બાંધે છે વળી દરેકને રૂા. ૧૦૦ આપે છે. પૂ. માનો ભાવ એવો છે કે આજે રક્ષાબંધનના તહેવારના દિવસે તેઓ પોતાના પરિવારને છોડી આપણને યાત્રા કરાવવા આવ્યા છે. તો તેઓને કોઇ મનદુ:ખ ના થવું જોઇએ. તેઓને પણ કોઇ બેન હશે જે ભાઇને રાખડી બાંધવા આતુર હશે. આમ આપણે માટે ભોગ આપનારનો વિચાર આપણે પહેલો કરવો જોઇએ. આ થઇ એક સાચા સંતની દૃષ્ટિ.

તો તેઓ બિચારા વિચારે છે કે બીજે બધે તો યાત્રા કે પ્રવાસ પૂરો થાય તે પછી જ ડ્રાયવર કંડક્ટરને કોઇ કોઇ તરફથી ટીપ્સ આપવામાં આવતી હોય છે. તો અહીં તો વાત સાવ ઉલટી થઇ. યાત્રાના પ્રારંભે જ આટલા બધા પૈસા કોણ આપે! એવું સંતો જ કરી શકે. ભગવાનની જેમ સંતના વ્યવહાર અકલ્પ્ય જ રહે. વ્યવહારિક રીતે વિચારતા માણસો તાગ શી રીતે પામી શકે? એટલે સંતો એમને દીવાના જેવા જ લાગેને!

આવો જ એક બીજો પ્રસંગ જોઇએ.

સોમનાથથી પાછાં ફરતાં પૂ. મા જે વાડીમાં બેઠેલાં, તેનો માલિક અને તેની પત્ની પૂ. મા પાસે આવ્યાં. નજીક આવતાં



જણાયું કે આ તો કોઇ સંત છે. એટલે પાસે આવી પગે લાગ્યાં. પૂ. માની થોડી સત્સંગની વાતો સાંભળી. એમને ખૂબ ગમી એટલે પૂ. મા ઊભાં થયાં ત્યારે ફરી ફરી પ્રણામ કરવા લાગ્યાં. પૂ. માને પણ આ સામાન્ય ખેડુત પરિવારનો હૃદયનો ભાવ સ્પર્શી ગયો. એટલે તો પૂ. માએ એ બેનને રૂા. ૫૦૦ આપ્યા. તે તો આશ્ચર્યભાવથી પૂ. મા સામે જ જોઇ રહી. આ તે કેવા સંત! તેણે પ્રથમ પૈસા લેવા ના પાડી પરંતુ પૂ. માએ એ રકમનો ઉપયોગ બાળકો માટે કરવા કહ્યું : પ્રસાદી માની તે રકમ સ્વીકારી લેવા, બીજાઓએ સમજાવ્યું. એટલે તે બાઇએ તે રકમ લીધી પરંતુ પૂ. મા જ્યારે નીકળ્યાં ત્યારે તેની આંખોમાં જણાતો અંતરનો ભાવ અશ્રુબિન્દુ બની ટપકી રહ્યો!

## ચૂંટેલાં પુષ્પો

મારી સામે એ માણસ બેઠો છે. વાતચીત ચાલે છે. હું વિવેકથી બોલું છું. પણ મનમાં એને માટે મને તિરસ્કાર છે. એના વિષેનો મારો અભિપ્રાય એ મારી આંખોમાં વાંચી શકે તો?

હું પૂજામાં બેઠો છું. હાથમાં દીપ છે, અંગો પર આબોટિયું છે. હોઠ ઉપર ભગવાનનું નામ છે પણ મનમાં સંસાર છે, વિકાર છે, અભિમાન છે. એ મારું અભિમાન લોકો મારા ચહેરા ઉપર અંકિત થતું જોઇ શકત તો?

મારા વિચારો બીજા જાણે તો? મારી મેલી ઇચ્છાઓ, મારા અયોગ્ય સ્વપ્નો, મારી ખોટી ચિંતાઓ, મારા ગુપ્ત ભય, મારી અદેખાઇ ને સ્વાર્થ, વાસના ને વિકાર, ગર્વ ને દંભ બીજા જાણે તો?




ગુજરાતને આગામી વર્ષોમાં સર્વાંગીણ રીતે સમૃદ્ધ બનાવવાની નેમ સાથે અમે શાસનનો કાર્યભાર સંભાળ્યો છે. ગુજરાતની ધરતી ઉપર અસામાજિક અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ કરનારા સામે કોઈ જ પ્રકારની શેહશરમ રાખ્યા વગર સખ્તાઈથી ઝુંબેશ ઉપાડી છે. કાયદો અને વ્યવસ્થા બરાબર જાળવી રાખીને લોકોને સલામતી અને શાંતિનો અહેસાસ કરાવવાની અમારી કટિબદ્ધતા છે. ગરીબો, પછાત વર્ગો, મહિલાઓ તથા લઘુમતી કોમોને સામાજિક દરજ્જો અને ન્યાય મળી રહે તેમજ સમાજજીવનની સમતુલા જળવાય તે માટેની કલ્યાણકારી અને ગરીબલક્ષી યોજનાઓનો અમલ પરિણામલક્ષી બને તે દિશામાં સરકાર નિષ્ઠાપૂર્વક કાર્યરત છે.

સરદાર સરોવર યોજનાનો નિર્ધારિત અમલ કરીને અને સૌરાષ્ટ્ર, કચ્છ તથા ઉત્તર ગુજરાતના વિશિષ્ટ પ્રશ્નોને ઉકેલીને આ પ્રદેશોને વિકાસની હરોળમાં સમતુલિત ધોરણે લાવવાની દિશામાં અમે ઘનિષ્ઠ પ્રયાસો હાથ ધર્યા છે. મને શ્રદ્ધા છે કે, ગુજરાતના લોકોની હૂંફ અને પીઠબળથી શાસનના માધ્યમ દ્વારા મારી સરકાર ગુજરાતને સમૃદ્ધ બનાવવાની નેમ યથાર્થરૂપે સાર્થક કરશે. આપ આ ધ્યેયપૂર્તિમાં સહભાગી બનો એવી અભ્યર્થના.

— છબીલદાસ મહેતા
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

**આ છે લોકહિતના મહત્ત્વના નિર્ણયો :**

**કાયદો અને વ્યવસ્થા:**

* અસામાજિક પ્રવૃત્તિઓ આચરનારા રીઢા ગુનેગારોને જેર કરવા જાનના જોખમે ફરજો અદા કરનાર પોલીસ કર્મચારીઓને સૌ પ્રથમવાર રોકડ પુરસ્કારો આપી કરાયેલી કદર.
* પોલીસ કોન્સ્ટેબ્યુલરીમાં ૩,૦૦૦નું વધારાનું સંખ્યાબળ ઉમેરવાની મંજૂરી.

**કુદરતી આપત્તિઓ:**

* ભારે વરસાદથી સર્જાયેલી પૂર અને અતિવૃષ્ટિના સંકટમાં ઘેરાયેલા લોકોના કામચલાઉ સ્થળાંતર, આશ્રય, રોકડ સહાય, તાકીદની બચાવ રાહતની કામગીરી અને પુનઃ સ્થાપનના પ્રબંધ માટે યુદ્ધના ધોરણે કામગીરી, દેખરેખ માટે સચિવ સ્તરે નિમણૂક.

**સામાજિક ન્યાય અને સંતુલન-ગુજરાતની પહેલ :**

* માંડલ પંચની ભલામણો અનુસાર સામાજિક, શૈક્ષણિક પછાત વર્ગો સહિતની જ્ઞાતિઓ માટે સરકારી નોકરીઓ અને તબીબી, ઈજનેરી જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે ૨૭ ટકા અનામતની નીતિનો અમલ કરીને ગુજરાતે પછાત જાતિઓના ઉત્કર્ષની દિશામાં કંડારેલી નવી કેડી.
* આર્થિક રીતે પછાત વર્ગો માટેની અનામત અંગે ભારતભરમાં ગુજરાત પ્રથમ રાજ્ય. ૧૦ ટકા અનામત રાખવાની બાબતનો કેઈસ સુપ્રિમ કોર્ટમાં હોવાથી હાલ તુરત બે ટકા અનામતની કરાવેલી [illegible]

**સરદાર સરોવર યોજના:**

* મુખ્ય નહેરની વહન ક્ષમતા શરૂઆતમાં પ્રતિ સેકન્ડના ૪૦, ૦૦૦ ઘન ફૂટ રહેશે, જે વિશ્વની વધુમાં વધુ ક્ષમતા ધરાવતી સિંચાઈ નહેર હશે.

**કૃષિ વિકાસના સંગીન કદમો:**

* ચાલુ વર્ષથી રાજ્યના ખેડૂતોને ખાતાવહીને બદલે અનેક રીતે ઉપયોગી બની રહેનારી ખેડૂતપોથી આપવાનો નિર્ણય.

**ઔદ્યોગિક હરણફાળ :**

* રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિને પરિણામે આ ક્ષેત્રે રૂ. ૫૪,૦૦૦ કરોડથી વધુ મૂડીરોકાણ સાથે ૧,૪૫૦થી વધુ મોટા પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કામાં છે.

**શિક્ષણ અને માનવસંપત્તિ ક્ષેત્રે અભિનવ નિર્ણયો :**

* ડૉ. આંબેડકર ઓપન યુનિ.નો જૂન-૯૫થી થનારો કાર્યારંભ.
* ચાલુ શૈક્ષણિક વર્ષથી ૩ નવી ઈજનેરી કોલેજો અને એક પોલીટેકનિક શરૂ કરવા ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશને રાજ્ય સરકારની દરખાસ્તને આપેલી મંજૂરી, પરિણામે ઈજનેરી કોલેજમાં ૫૨૦ તેમજ ડિપ્લોમા ઈજનેરીમાં ૧૮૦ બેઠકોની થનારી વૃદ્ધિ.

**વહીવટનો લોકાભિમુખ મોડ :**

* કલેકટરો, પોલીસવડા અને જિલ્લા વિકાસ અધિકારીઓને હરિજનવાસ, મહોલ્લાઓ અને ગરીબ વર્ગના લોકો સમક્ષ જઈને રોજિંદા વિકાસની જરૂરિયાતો પૂરી કરવા તાકીદ.

**સામાજિક સંવાદિતા અને એખલાસ :**

* મહોરમ, રથયાત્રા, ઈદ સહિતના બધી જ કોમોના તહેવારોની અભૂતપૂર્વ એખલાસભર્યા વાતાવરણમાં ઉજવણી. સંવાદિતાની સ્થિતિનું નિર્માણ.

માહિતી-૯૪




# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'અહાહા, મારા જેવો અભાગી અથવા અધમ બીજો કોણ હોઈ શકે? મારું સઘળું સૌભાગ્ય આજે નષ્ટ થઈ ગયું. મોટો ભાઈ ગમે તેવો તોપણ મારા જીવનની શોભા જેવો હતો. એ શોભાનો અંત આવ્યો. મેં એનો હાથે કરીને અંત આણ્યો. જે રાજ્ય એને પ્રિય હતું અને જેને હાથ કરવા માટે એણે મને કિષ્કિંધામાંથી બહાર કાઢયો તે સમૃદ્ધ ને વિશાળ રાજ્યને છોડીને આખરે એ ખાલી હાથે વિદાય થયો. એ જ અસાર રાજ્યસુખની લાલસાથી પ્રેરાઈને મેં એનો રામના હાથે નાશ કરાવ્યો. મને ખરેખર ધિક્કાર છે. રાજ્ય તો ફરી ફરી પણ પ્રાપ્ત થશે, પણ ભાઈના સમાગમનો લાભ હવે ક્યાં મળશે?'

સુગ્રીવ એવી રીતે આક્રંદ કરતાં વિલાપ કરવા લાગ્યો.

એ વખતે વાલીના મૃત્યુના સમાચાર સાંભળીને અંગદ તથા તારા અને બીજાં અનેક સ્ત્રીપુરુષો આવી પહોંચ્યાં.

સૌના વદન પર ઊંડો શોક છવાયો.

વાલીના મૃત શરીરને જોઈને શોકસંતપ્ત તારાએ કહ્યું : મેં તમને યુદ્ધ કરવા માટે ન જવાની વારંવાર વિનતિ કરી, તોપણ મારી વિનતિને લક્ષમાં લીધા વિના તમે દોડી ગયા તો આખરે એનું આવું અમંગલ પરિણામ ભોગવવું પડયું. તમને તમારા લોકોત્તર, અસાધારણ સામર્થ્યનું અભિમાન હતું. એ સામર્થ્ય ક્યાં

ગયું? મારી શિખામણને તમે સ્ત્રીસહજ વહેમવૃત્તિ, ભીતિ અને આશંકામાં ખપાવી, પરંતુ એ આશંકા સાચી પડી. એ શિખામણ પ્રમાણે ચાલ્યા હોત તો આજે તમારી આવી કરુણ દશા ન થાત. પરંતુ હવે શું થાય? નાના ભાઇ સાથે વેર બાંધીને તમે હાથે કરીને ઉપાધિ વહોરી લીધી. એ વેરવૃત્તિએ તમારો જ નાશ કર્યો. મારા કહ્યા પ્રમાણે સુગ્રીવને રાજ્ય આપ્યું હોત તો પરિસ્થિતિ જુદી જ હોત, પરંતુ વિધાતાએ એવું નહિ ધાર્યું હોય. એણે તમને અમારી વચ્ચેથી લઇ લઇને અમને દુઃખના દરિયામાં ડૂબાડી દેવાનો જ વિચાર કર્યો હશે.'

અંગદને માટે પણ એ સમાચાર અસહ્ય હતા. એ પણ વિવિધ પ્રકારના વ્યથાજનક ઉદ્‌ગારો દ્વારા પોતાના દુઃખને પ્રકટ કરવા માંડયો.

રામ, લક્ષ્મણ તથા હનુમાને સૌને આશ્વાસન આપ્યું.

સુગ્રીવ છેવટે સ્વસ્થ થયો એટલે વાલીની દાહક્રિયા માટે તૈયારી કરવામાં આવી.

વાલીના સુવર્ણમય, સુદૃઢ, નિર્જીવ શરીરને ચિતાની ચંચળ જ્વાળાઓએ જોતજોતામાં બાળીને સ્વાહા કરી દીધું.

જીવનના એક યાદગાર ઇતિહાસનો અંત આવ્યો.

એના અંતિમ ઉજ્જ્વળ અધ્યાયની પરિસમાપ્તિ થઇ.

કાળે એના પર પોતાનો રહસ્યમય, અકળ પડદો પાડી દીધો.

મરણોત્તર ક્રિયા સારી પેઠે પતી ગયા પછી રામે લક્ષ્મણને ઉદ્દેશીને કહ્યું : 'જે થવાનું હતું તે થઇ ગયું. હવે એનો શોક કરવો અસ્થાને છે. હનુમાન તથા બીજા મંત્રીઓ અને સેવકોને સાથે રાખીને હવે મંગલ દિવસે મંગલ મુહૂર્તમાં સુગ્રીવનો રાજ્યાભિષેક



કરાવી દે. વાલીને અંતકાળે જેવી શુભ બુદ્ધિ સૂઝી તેવી જ શુભ બુદ્ધિ એને પહેલેથી જ સૂઝી હોત તો પરિણામ જુદું જ આવ્યું હોત. પરંતુ એનું મૃત્યુ નિશ્ચિત હતું અને આજ રીતે થવાનું હતું. એણે કરેલો અંતકાળનો પશ્ચાત્તાપ મારા અંતરને હજુ પણ અસર કરે છે. એણે પ્રદર્શિત કરેલી ઇચ્છા પ્રમાણે સુગ્રીવ અંગદની સંભાળ રાખશે અને એને યુવરાજપદે સ્થાપશે, એથી એના આત્માને શાંતિ મળશે.'

શોકસંતપ્ત સુગ્રીવની ઇચ્છા રાજસિંહાસન પર બેસવાની ન હતી તો પણ, રામના ઉપદેશ અને આદેશને માન આપીને એ પોતાના રાજ્યાભિષેક માટે તૈયાર થયો.

રામે એને કહ્યું : 'મારે ચૌદ વરસનો વનવાસ વેઠવાનો હોવાથી તમારા રાજ્યાભિષેકના મંગલમય ઉત્સવમાં ભાગ લેવા મારાથી નગરમાં નહિ આવી શકાય. મારા તરફથી લક્ષ્મણ એ ઉત્સવમાં હાજર રહેશે. આટલે દૂર ઋષ્યમૂક પર્વત પર રહીને હું તને મારા અંતરના આશીર્વાદ આપી રહ્યો છું.'

સુગ્રીવે એ આશીર્વાદ માથે ચઢાવ્યા ને કહ્યું : 'તમારા આશીર્વાદ તો મારે હમેશાં જોઇશે. એ આશીર્વાદ વિના મારાથી જીવનના આ જટિલ માર્ગમાં સફળતાપૂર્વક આગળ નહિ વધી શકાય.'

'મારા આશીર્વાદ સદાને માટે તમારી સાથે રહેશે. એ તમારા શરીરની સાથે રહેતી છાયા પેઠે કદી પરિત્યાગ નહિ કરે.'

સુગ્રીવને સંતોષ થયો.

રામના ચરણોમાં પ્રણામ કરીને એ ગદ્‌ગદ્ સ્વરે કહેવા માંડયો : 'તમારે લીધે જ કિષ્કિંધાની અખૂટ રાજ્યશ્રીને મેં પ્રાપ્ત

કરી છે. તમારા વિના મને રાજ્યશ્રી તો ન મળી હોત પરંતુ શાંતિ યે ન સાંપડી શકી હોત. તમારો ઉપકાર જીવનમાં કદાપિ નહિ ભૂલું.'

'સુગ્રીવ, મેં કશો ઉપકાર નથી કર્યો, પણ મિત્ર તરીકેનો મારો ધર્મ જ બજાવ્યો છે. તમને તે ઉપકાર લાગતો હોય તો પણ તેને યાદ રાખજો ને તમારા ધર્મને ન ભૂલશો. હજુ તો આપણે ઘણો લાંબો પંથ કાપવાનો છે, સીતાની શોધ કરવાની છે, તે યાદ રાખજો.'

'એ મને યાદ છે. તમે તમારી પ્રતિજ્ઞા પાળી બતાવી તેમ સીતાની શોધ કરાવીને હું મારી પ્રતિજ્ઞા પણ પાળી બતાવીશ તથા તમને શાંતિ આપીશ. એ બાબત મારા ધ્યાનમાં જ છે.'

લક્ષ્મણે હનુમાન તથા બીજા પરિચારકો સાથે કિષ્કિંધામાં જઇને સુગ્રીવનો રાજ્યાભિષેક કરાવ્યો ત્યારે સુગ્રીવને જ અપાર આનંદ થયો, એ એકદમ અવર્ણનીય હતો.

સુગ્રીવને જાણે કે ખોવાઇ ગયેલા પ્રાણની પુનઃપ્રાપ્તિ થઇ.

સુગ્રીવના રાજ્યાભિષેકથી પ્રજાજનોની પ્રસન્નતાનો પણ પાર ન રહ્યો.

( ક્રમશઃ )

## * ભલે ના આવીશ *

પદ્મની પાંખડી પેઠે પ્રસન્નપણે પ્રકટતા પ્રભાતના પ્રથમ પ્રહરમાં જો મારી આંખમાં તારા અનુકરણનું અમૃત ના દેખાય, તો તું ભલે ના આવીશ!

બળું બળું થતા ને બીજાને બાળતા બિહામણા બપોરે જો મારા અંગેઅંગમાં તારી આરાધનાનો આભાસ ના દેખાય, તો તું ભલે દર્શન ના દઇશ!

સ્વર્ગમાં જવા સારું સાજ સજીને તૈયાર થયેલી સોહામણી સંધ્યાએ જો મારા જરી જેટલા ઝરણ જેવા વહી રહેલા જીવનમાં તારી ઝંખના ના જણાય, તો તું ભલે ના આવીશ!

રોમરોમમાં રાગરાગિણી ભરીને ઊભેલી રસરાજ્ઞી રસીલી રાતે જો મારી આંખમાં તારા આંસુ ને તારે માટેની આતુરતા ના દેખાય, તો તું ભલે દર્શન ના દઇશ!

મંગલમય મહાકાવ્યના જેવી મધુરી મધરાતે જો મારી પુલકિત પાંપણ પર તારું પીયૂષ ના પરખાય, તો તું ભલે ના આવીશ!

કોઇપણ કાળે ને સ્થાને જો મારા હૃદયને રોમરોમમાં તારો રણકાર ના સંભળાય, રાસ ના નીરખાય, તો તું ભલે ના આવીશ!

યોગેશ્વરજી

Regd. No. GBV 113

# * પ્રેમની તૃપ્તિ *

આજે પણ એવી જ સવાર હતી. મંદિરનાં દ્વાર ઊઘડયાં, પૂજા પૂરી થઇ, ને પ્રેમીજનો પર પ્રભુએ વિશેષ કૃપા કરી. મેં મારું ગીત ગાયું, ને બધાંને જાણે કે પ્રભુની પ્રત્યક્ષતા થઇ પ્રેમીજનોએ પ્રભુની પ્રભુતાને આવરી લીધી. કોઇએ કંઠે માળા ધરી, કોઇએ કમર પર વીંટીને લીલા કરી, તો કોઇએ 'મારા પ્રભુ, મારા પ્રીતમ' કહીને પોતાની માલિકીને બોલી બતાવી.

પ્રિયતમની મીઠી મોહક આંખ આખરે મારા તરફ ફરી. જાણે પીયૂષની પ્યાલી! એમાંથી મારા પર વહાલની અનેરી વર્ષા વરસી રહી ને શ્રી મુખમાંથી સરસ્વતી સરી રહી. 'ઓ પાગલ, અરે પ્યારા ગાયક! તારામાં પ્રીતિ નથી? તને મારા માનીતા ને માલિક બનવાની વૃત્તિ નથી?

નહિ મારા દેવ! મેં ઉત્તર આપ્યો, 'તમારી મનમોહક આંખ મારી આંખની સાથે આમ જ એક થવા દો, તમારી પ્રેમ સુધામાં મને આમ જ સ્નાન કરવા દો, તમારા સ્નેહસાગરનો એક કણ જ મારે પર્યાપ્ત છે. મારા દેવ, મને શાંતિથી ને મૂક મને આ મહા કાર્ય કરવા દો!'

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ-પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર-૧